'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર મંત્રયોગનો મહિમા

॥ ૨ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

શ્રી સિદ્ધચક્રજી, ૐ નમઃ સિદ્ધં તથા મંત્રયોગ વિષે

સિદ્ધચક્ર તે સિદ્ધ ચક્ર જ છે.

ભુક્તિ અને મુક્તિ બંને આપવાની શક્તિ તેમાં છે,
એવો અનુભવ સાધકને તત્કાળ થાય છે.
નિત્ય નવપદનું ધ્યાન અને જાપ કર્તવ્ય છે,
તેથી આત્માને પરમ શાંતિ અનુભવાય છે અને
મનની પ્રસન્નતા સદૈવ ટકી રહે છે તથા તે વડે
અશાતાનો ઉદય નિર્જરાનું પરમ નિમિત્ત કેમ બને?
તે આપણે જોવાનું છે.

અર્હંના બે પદમાં કઈ ૮ વસ્તુ સમાવિષ્ટ?

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર મંત્રયોગનો મહિમા

## ॥ ૨ ॥




**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

**શ્રી સિદ્ધચક્રજી, ૐ નમઃ સિદ્ધં તથા મંત્રયોગ વિષે**

**PARAM BHADRANKAR MANTRAYOG NO MAHIMA**

Personal Diaries comprising of Divine thoughts regarding MantraYog
by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

**VOLUME - 2 / 7**

Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 120 Pages • For Private Circulation only.

**PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

team@mindfiesta.com

**SPONSOR**


Smt. Jayaben Chunilal Dodhiya (Parasbhai)
Halar | London

**ENHANCED & DESIGNED BY**


Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra



નિત્ય નવપદનું ધ્યાન-જપ
છે આપણા સૌનું કર્તવ્ય,
તેથી કરવું શ્રી સિદ્ધચક્રપૂજન



મંત્ર : નમસ્કાર મહામંત્ર, યંત્ર : સિદ્ધચક્ર યંત્ર, તંત્ર : મંત્ર-યંત્રને જોડી આપનાર. શાશ્વત સાથે શાશ્વતનું મિલન કરાવનાર શ્રી સિદ્ધચક્રજી ઉપર પરમ પૂજ્ય પંન્યાસજી ગણિવર્યશ્રીના અનુપમ ચિંતનો પ્રગટ થયાં છે, જેમાં તેઓ લખે છેઃ

સિદ્ધચક્ર = સિદ્ધ થયેલું (આજ્ઞા) ચક્ર. જે સ્થળેથી ભવચક્રની ઉત્પત્તિ છે, તે સ્થળે જો સિદ્ધચક્રને સ્થાપવામાં આવે, તો ભવચક્રનો અંત આવી જાય, કેમકે ભવચક્રના મૂળમાં 'અહં' છે, સિદ્ધચક્રના મૂળમાં 'અર્હં' છે. સિદ્ધચક્ર યંત્રના મધ્યમાં નવપદ છે, તે એમ સૂચવે છે કે સર્વ વિભૂતિઓ તથા શક્તિઓના મૂળમાં આ નવપદ છે. એ જ્યાં હોય, ત્યાં બાકીનું બધું તો ખેંચાઈને આવે છે. જગતની વિભૂતિઓના કેન્દ્ર સ્થાને સિદ્ધચક્ર છે. સિદ્ધચક્રના કેન્દ્ર સ્થાને અરિહંત દેવ છે. આવા શ્રી સિદ્ધચક્ર પ્રત્યે આપણા હૃદયની અંદર સિદ્ધત્વના ભાવો લાવવાના છે.

આવા સિદ્ધચક્રનો મહિમા અંતરમાં સેટ થઈ જાય પછી જાણે સાક્ષાત્ ખજાનો મળ્યાનો આનંદ અનુભવાય. આ આનંદના ખજાનો મેળવવામાં નિમિત્ત બનનારા લંડનસ્થિત શ્રી જયાબેન ચુનીલાલ દોઢિયા પરિવારના પરમગુરૂભક્ત શ્રી **પારસભાઈ**ની અર્થસહાય તથા રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ ભાગ્યવંતી સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નું જબ્બર યોગદાન સ્વીકાર્યા વિના શક્ય જ નથી.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

## – नमस्कार महामंत्र –

नमो अरिहंताणं ॥१॥

नमो सिध्धाणं ॥२॥

नमो आयरियाणं ॥३॥

नमो उवज्झायाणं ॥४॥

नमो लोए सव्वसाहूणं ॥५॥

एसो पंच नमुक्कारो ॥६॥

सव्वपावप्पणासणो ॥७॥

मंगलाणं च सव्वेसिं ॥८॥

पढमं हवइ मंगलं ॥९॥

## મંત્રની મહત્તા અને મોક્ષપ્રદતા

મંત્રની અને બ્રહ્મશક્તિની એકતા
નાભિ આદિ ચક્રોમાં સિદ્ધ કરવામાં આવે,
ત્યારે મંત્રવર્ય પ્રગટે છે.
મૂલાધારથી દ્વાદશાંત સુધીમાં ઉચ્ચારણવિધિ મુજબ મંત્રનું આલંબન કરવાથી મંત્ર દીપ્ત, શુદ્ધ અને સુનિર્મળ થાય છે, તેથી તેમાં મહત્તા અને મોક્ષપ્રદતા આવે છે.

V.V. Imp. 'દશમે દ્વારે તાળી વાગી' એટલે શું ?

સુષુમ્ણામાર્ગે ઊંચે ચડતી શક્તિ ત્રિકૂટિને ભેદી જ્યારે
બ્રહ્મરંધ્ર દ્વારા સહસ્રારમાં જાય છે,
ત્યારે એને સંતો 'દશમે દ્વારે તાળી વાગી' એમ કહે છે.
મસ્તકમાં આવેલ સહસ્રાર - શૂન્યમંડલ - કૈલાસમાં
કુંડલિની પહોંચી જાય છે, તે પહેલાં
મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ તથા છેલ્લા આજ્ઞાચક્રમાં ઘૂમતી આવે છે, તેને 'ષટ્ચક્રભેદન' કહે છે, તેથી સાધકને વિવિધ અનુભવો - સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

અર્હં બીજ મંત્રનું ભાવિત છે અને
સકલ સિદ્ધિને આપવામાં અચિન્ત્ય ચિંતામણિ સમાન છે.
મૂલાધારથી દ્વાદશાંત સુધીમાં ઉચ્ચારણની વિધિ મુજબ
જ્યારે અર્હં મંત્રનું આલંબન લેવામાં આવે, ત્યારે
મંત્ર દીપ્ત, શુદ્ધ, સુનિર્મલ થાય અને મોક્ષપ્રદ બને છે.
દીર્ઘકાલ સુધી નિરંતર ભાવપૂર્વક અભ્યાસ કરવાથી
મંત્રાક્ષરોમાં જે તાદાત્મ્ય ઉત્પન્ન થાય છે,
તેને 'બ્રહ્મપ્રાન્તસ્પર્શ' પણ કહેવાય છે.
કર્મનો નિયમ ટાળી શકાતો નથી, પરન્તુ
કર્મનું ફળ ભોગવવાનું ધૈર્ય ભગવાન આપે છે.
બાળકને જ્ઞાન કરાવવા માટે પ્રથમ કાષ્ઠ કે માટીના ગાય,
ઘોડા, હાથી, મોર, ચકલી આદિ બતાવવામાં આવે, પછી
મોટી વય થતાં તે બાળક પશુ-પક્ષીને ઓળખી કાઢે છે,
તેમ મૂર્તિની પૂજા - ઉપાસના કરતાં કરતાં
ઉચ્ચ પ્રકારનું જ્ઞાન થાય છે અને અંતે સાધક
તે તે મંત્રના દેવ - દેવીનો સાક્ષાત્કાર કરી શકે છે.

જેનું મનન કરવાથી રક્ષણ થાય, તે 'મંત્ર' કહેવાય.
પછી તે શબ્દ નહિ રહેતાં, શક્તિ બની જાય છે કે
જે મંત્રદ્રષ્ટા ઋષિમુનિના સત્ય સંકલ્પમાંથી મળે છે
અને તેથી રક્ષણ કરે છે. આ મહામંત્રમાં 3 વસ્તુ છે:
(૧) મંત્રદ્રષ્ટા. (૨) મંત્ર અધિષ્ઠાતા: સમ્યગ્દૃષ્ટિ દેવો.
મંત્રભક્તિથી દેવો આનંદ પામે છે, તેથી મંત્રની કે
ભક્તિની ભક્તિ કરનાર પ્રત્યે પ્રસન્ન થઈ સહાય કરે છે.
(3) મંત્ર પોતે જ સૂક્ષ્મ અને સરલ દેવતા બની જાય.
વૈખરીથી બોલાય તે સ્થૂલમંત્ર અને મનમાં ચિન્તન
કરીએ તે સૂક્ષ્મમંત્ર. એ અક્ષર પોતે જ દિવ્યશક્તિ
બની જાય, તે જ દેવતા છે, જે કર્મોનો ક્ષય કરે છે.

o

mantra is the devta himself / herself.
It awakens superhuman power. It is
the manifestation in bodies of પરમાત્મા.
The mantra is the supreme consciousness.

મંત્રયોગમાં સદ્ગુરુએ આપેલ મંત્રથી ઇષ્ટની ઉપાસના
કરી ઇષ્ટદેવની પ્રસન્નતાને મેળવવી, તે મુખ્ય છે.
વૃત્તિ સ્થિર કરી પૂર્વ માર્ગે, પશ્ચિમ માર્ગે અથવા
દહર માર્ગે લાભ પ્રાપ્ત થાય છે.
આમાં મુખ્ય સાધન શ્રદ્ધા - ભક્તિ - પ્રેમ - પુરુષાર્થ છે.
નામ એ પરમાત્માનો મંત્રમય દેહ છે.
મંત્રમાત્ર તત્ત્વથી નાદરૂપ છે.
મંત્રનું માનસિક રટણ સંજલ્પરૂપ હોય છે, તે આંતર
વર્ણરૂપ છે અને અભિવ્યક્તદશા સ્ફુટ થઈ જાય છે.
મંત્રની શબ્દરૂપ ઉચ્ચારણવાળી અવસ્થા હ્રસ્વ, દીર્ઘ,
પ્લુતાદિ છે, તેથી પર એવી એક જ્યોતિ અવસ્થા છે.
એ અવસ્થા બિંદુસ્થાન - આજ્ઞાચક્રમાં પ્રાપ્ત થાય છે,
જે મંત્ર વિશિષ્ટ સ્થાનની તરફ લઈ જાય,
તે મંત્ર રક્ષણ કરનારો મનાય છે.
મીમાંસકો કહે છે કે: વેદવાક્ય દ્વારા કોઈપણ કર્મ
કરવાની પ્રેરણા થાય, તે મંત્ર 'પદવાચ્ય' કહેવાય છે.

શ્રુતમાં ઉપયોગ = શબ્દમાં સુરતાને પરોવવાની ક્રિયા.

જે શબ્દના મનન વડે આત્માનું ત્રાણ થાય, તે મંત્ર.

'શબ્દ' એટલે...

શ્રુત દ્વારા ધ્વનિ અને ધ્વનિથી શુદ્ધ આત્મતત્ત્વ છે,
તેને વિષે મનનું વિલીનીકરણ, તે સુરત શબ્દયોગ છે,
તેને જ 'મંત્રયોગ' કહેવાય છે.

સર્વ મંત્રો વર્ણસ્વરૂપ છે અને સર્વ વર્ણો શિવસ્વરૂપ છે.
મંત્ર માત્ર વર્ણસ્વરૂપ નથી, એ પાંચ મુખવાળો વ્યક્તિ દશ હાથવાળો હોતો નથી. સંકલ્પપૂર્વકનો નાદનો ઉલ્લાસ તે મંત્ર થાય. ચિતિ યા ચિત્ત એ મંત્ર છે.

'સર્વે વર્ણાત્મકા મન્ત્રાસ્તે ચ શક્ત્યાત્મકાઃ પ્રિયે ।
શક્તિસ્તુ માતૃકા જ્ઞેયા સા ચ જ્ઞેયા શિવાત્મિકા'॥ ૧॥

અર્થાત્: હે પ્રિયે!
સર્વ મંત્રો વર્ણાત્મક છે અને વર્ણો શક્તિસ્વરૂપ છે.
શક્તિ માતા જાણવી અને તે શિવસ્વરૂપી છે.
'હ' એ આધારત્વનું બીજ તથા 'ક્ષ' એ જીવનાંકુર છે.

'પ્રસીદ ભગવન્ મયિ ।'

પિતાની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે
આ સ્તોત્ર જ પહેલી ૧૦ માળા ઉપકારક બને છે.

જાપના પ્રારંભમાં એમ ભાવના કરવી કે:
'હે ભગવન્! મારા ઉપર પ્રસન્ન થાઓ - પ્રસાદ કરો.'
આમાં 'મયિ'નો અર્થ 'મારા ઉપર' એમ કરવો અને
પછી 'મયિ'નો અર્થ એમ કરવો કે:
'મારી અંદર અભેદભાવે ઓતપ્રોત થઈને પ્રસન્ન થાઓ.'

મંત્ર ઉચ્ચારણના અક્ષરભ્રાંતિ, લુપ્ત, ભિન્ન, હ્રસ્વ અને દીર્ઘ દોષ ઉપરાંત અભક્તિ એ સૌથી મોટો દોષ છે.

મંત્ર કેવળ અક્ષરરૂપ નથી પણ દેવતાસ્વરૂપ છે.
મંત્ર જપતી વખતે પરમાનંદનો અનુભવ લેવો જોઈએ, એથી ભક્તિનો ઉદય થાય છે. અધમ સત્કર્મ કરતો જ નથી, મધ્યમ મધ્યમાં છોડી દે છે અને ઉત્તમ વિઘ્નોના આવવા છતાં સત્કર્મને જરૂર સફળતાએ પહોંચાડે છે.
મંત્રધ્યાન અને મનનો જપ માટે ઉત્સાહ રાખવો.

## મંત્રજાપે થાય દેવોનાં દર્શન

મંત્ર દ્વારા દૈવી શક્તિઓનું અનુસંધાન થાય છે.
દૃશ્ય વસ્તુઓ આંખો વડે જોઈ શકાય છે,
અદૃશ્ય વસ્તુઓ તેનાં કાર્યો વડે અનુમાન કરી શકાય,
તેનું અસ્તિત્વ જાણી શકાય છે.
દા.ત. પવનદેવોના શરીરની રચના સૂક્ષ્મ હોય છે,
તોય તે પણ તેનાં કાર્યો વડે જાણી શકાય છે.
આકાશવાણી, કંકુ - કેસરનો છંટકાવ, અંગારસંચાર,
ભૂતકથનાદિ વડે તેની સત્તા જાણી - સમજી શકાય છે.
ભક્તિ, તપ, મંત્રજાપે તેમનું આકર્ષિત કરી શકાય છે.
દેવતાઓની ગતિ - શક્તિ અચિન્ત્ય હોય છે.

## દેવલોક અને દેવોનાં દર્શન કરવા છે?

'ૐ સચ્ચિદેકં બ્રહ્મ ૐ ।'
રોજ કલાક - દોઢ કલાક ધ્યાન કરવાથી
દેવલોક અને દેવોનાં દર્શન થાય છે.
'મંત્ર મેરુ: ।' અર્થાત્ આ જિનેશ્વરદેવ મંત્રના મેરુ છે.

## What is 'મંત્રશક્તિ'?

Can it were be in the power of 'જીવશક્તિ' to enter by his own unaided jivshakti into 'શિવશક્તિ' that alone which has such power is 'મંત્રશક્તિ'।

શબ્દ વડે થતી શક્તિ, તે 'શબ્દબ્રહ્મ'.

શબ્દ વડે ન થતી શક્તિ, તે 'પરબ્રહ્મ'.

શબ્દબ્રહ્મ વડે પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે છે.

મંત્રના અક્ષરો એ શબ્દબ્રહ્મ છે.

મંત્રના અધિષ્ઠાતા દેવતાના બે સ્વરૂપ છે:

એક વાચકશક્તિ (શબ્દબ્રહ્મ) રૂપે,

બીજું વાચ્યશક્તિ (પરબ્રહ્મ) રૂપે.

Vachyaશક્તિ reveals itself only when વાચકશક્તિ has been aroused through the discipline of the Sadhaka.

મંત્ર એટલે મનને તર - રસતરબોળ - દ્રવીભૂત કરે તે.
મંત્ર ગુરુમુખે લેવાથી હૃદયમાં અહોભાવ પેદા થાય છે.
અહોભાવપૂર્વક થતાં મંત્રજાપમાં ગુરુશક્તિ પણ કામ કરે છે.

અહોભાવહીન મંત્રજાપમાં શુષ્કતા પેદા થાય છે,
તેથી જડતા, આલસ્ય, પ્રમાદ અને નિદ્રાવશ થવાય છે.
મંત્રદીક્ષા કરતાં પણ અર્થદીક્ષા વધુ બળવાન છે.
સર્વમંત્રમય = અરિહંતો સર્વ મંત્રોના પ્રણેતા હોવાથી
અને તેમનું નામ પણ સર્વ મંત્રોનું બીજ હોવાથી
તેઓ સર્વમંત્રમય છે. 'अर्हं' એ અરિહંત પરમાત્માનું
નામ પણ છે અને સર્વ મંત્રોનું બીજ પણ છે.
પરમાત્મા સર્વમંત્રમય છે. મંત્ર એ અક્ષરમય છે.
અકારાદિ અક્ષરો શ્રુતજ્ઞાનસ્વરૂપ - શ્રુત મંત્રરૂપ છે.

પ્રત્યેક મંત્રાક્ષરો જ્ઞાનમય હોવાથી અથવા
સર્વજ્ઞ પરમાત્માના વાચક હોવાથી સર્વજ્ઞ સ્વરૂપ છે.
એમ મનની એકતા થતાં સર્વજ્ઞ પરમાત્મા સાથે
ધ્યાનમાં એકતા સાધી શકાય છે.

## પરમાત્મા કઈ રીતે સ્વતેજોમય છે ?

મંત્રનો સતત જાપ થવાથી 'પશ્યંતી' અવસ્થામાં
પરમાત્મા પ્રકાશરૂપે અંદર તેજોમય ભાસે છે
અથવા તો રત્નત્રયી એ તેજના પુંજરૂપ છે,
તેથી પરમ જ્યોતિર્મય છે, માટે
ધ્યાતા જ્યારે જ્યારે મંત્ર અને ધ્યાનના અભ્યાસથી
જ્યોતિ કે તેજોમય જ્ઞાનપ્રકાશનો અનુભવ કરે છે, ત્યારે
સાક્ષાત્ પરમાત્મમિલનનો અપૂર્વ આનંદ અનુભવે છે.
ભાવાર્થનું જ્ઞાન = મંત્રના અવયવભૂત અક્ષરોનો અર્થ.
સર્વ કારણના કારણ બ્રહ્મપરમેશ્વર મંત્રોના મૂળ ગુરુ છે.
તેમના મુખથી સ્વયં મંત્રોનો ઉદ્ભવ અને
અવતરણ ક્રમ એ સંપ્રદાયાર્થનું જ્ઞાન છે.
નિગર્ભાર્થ = દેવ, ગુરુ, આત્માના ઐક્યનું અનુસંધાન.
ગુરુ, મંત્ર, દેવતાનું ઐક્યાનુસંધાન તે કૌલિકાર્થ છે.
મંત્ર - મંત્રદાતા ગુરુ અને મંત્રગ્રહીતા સાધકની શક્તિ
એકત્ર મળીને મંત્રસિદ્ધિની પ્રાપ્તિનું સંપાદન કરે છે.

## જૈન, વૈદિક અને બૌદ્ધ ધર્મોમાં મંત્રોપાસના

આર્ય સંસ્કૃતિના ત્રણે ધર્મોનું ધ્યેય આત્મમુક્તિ છે.
તે જૈન - વૈદિક - બૌદ્ધ ધર્મોના ત્રિવેણી સંગમરૂપ છે.
વ્રત - દાન - નિયમ - ન્યાય - નીતિનું પાલન વગેરે
તેના સાધનો ત્રણેમાં એકસમાન જ છે.
ત્રણે ધર્મોમાં મંત્રોપાસનાને સરખું સ્થાન છે અને
તેના વિધિ - વિધાન પણ લગભગ સમાન છે.
પ્રતિમામાં પ્રિયતમને અને
મંત્રાત્મામાં પ્રેમપાત્રને જોતાં શીખવું જોઈએ.

## જૈન મંત્રો અને વેદ મંત્રોમાં શું ફેર ?

વેદ મંત્રોમાં જડોપાસનાનું નામનિશાન નથી.
એ મંત્રો દ્વારા ઋષિઓ બ્રહ્માંડની અંદર
સર્વ વસ્તુમાં વ્યાપી રહેલા અને વિલસી રહેલા
એક અને અદ્વિતીય વિરાટ પુરુષ અથવા
જૈનોના ૨૪ તીર્થંકરો અથવા
અર્હંતની જ સ્તુતિ - ઉપાસના કરતાં હતાં.

મંત્ર એ પરમેશ્વરસ્વરૂપ હોવાથી આનંદમય છે.
મંત્રનું સ્ફુરણ વિશ્વરૂપ બનીને વિરાજે છે.
ચિતરૂપી મંત્રમાં આખું જગત સ્ફુરતું રહે છે.
મંત્રમાહાત્મ્યે વડે ભેદમય સંસાર વિલીન થાય છે.
મંત્ર એ સાધકના રક્ષણનો મહાન ઉપાય, પરમ દૈવત છે.
મનન કરનારને 'મદ્રૂપ' બનાવે, તે મંત્રનો ઉદ્દેશ છે.
મંત્ર એ સાધકને પરમાત્મરૂપ બનાવે છે.
વ્યવહારિક મંત્રમાં અક્ષરોની અથવા
મંત્રદેવતાની પ્રધાનતા હોય, પરંતુ
આરાધના કરી રહેલાં યોગીના ધ્યાનમાં સહાયતા કરનારું
ચિતસ્ફુરણ યા ચિત્ત શક્તિ તાત્ત્વિક મંત્ર છે.
કેવળ વર્ણસમૂહનો ઉચ્ચાર નહીં પણ તેમાં રહેલી
સહજ પરાશક્તિનું અભેદ સ્ફુરણ, તે જ મહામંત્ર છે.
જપ કરનાર જુદો, મંત્ર જુદો, મંત્રલક્ષ્ય પરમાત્મા જુદા
- એમ ત્રણ વિભાગ કરવાથી મંત્ર ભ્રષ્ટ થાય છે.
આવા ભેદદર્શન એ અજ્ઞાનતા છે.

એવી રીતે અભેદભાવને જ મંત્રનું પરમવીર્ય કહેવાય છે.
તે લક્ષ્યપ્રાપ્તિની પૂર્વસ્મરણ, વિચિન્તન, ધ્યાનાદિ અવસ્થા
સાધનભૂત હોવાથી તેને પણ 'મંત્રવીર્ય' કહેવાય છે.

પ્રાણ શબ્દ - બ્રહ્મની સાથે
સમગ્ર મંત્ર સમાઈ જવો જોઈએ. આંતર્જલ્પરૂપ મનનથી
રક્ષણ થાય છે, માટે તે 'મંત્ર' કહેવાય છે.
પરતત્ત્વની પ્રાપ્તિનો ઉપાય હોવાથી તે પરમાત્મા જ છે.
પરમાત્મા જ ઉપેય (ધ્યેય) પદની જેમ
ઉપાયરૂપે (મંત્રરૂપે) સ્ફુરિત થયેલા છે.

## મંત્રોના ઉચ્ચારણમાં સમયપાલનનું મહત્ત્વ

મંત્રના અવયવભૂત વર્ણોના ઉચ્ચારણમાં
અક્ષરાક્ષર સંતાન - પૂર્વ પૂર્વ વર્ણ
ઉત્તર ઉત્તર વર્ણની સાથે સંલગ્ન હોવો જોઈએ.
ન દ્રુતમ્ - વર્ણોનો ગ્રાસ ન થવો જોઈએ.
ન વિલંબિતમ્ - એક વર્ણ અને બીજા વર્ણના
ઉચ્ચારણની વચ્ચે વધુ સમય ન થવો જોઈએ.

સમયનું કોષ્ટક : કાષ્ઠા = સેકન્ડનો ૩૪૦૦૦મો ભાગ,

૧ ત્રુટિ = સેકન્ડનો ૩૦૦મો ભાગ,

૨ ત્રુટિ = ૧ લવ, ૧ લવ = ૧ ક્ષણ, ૩૦ ક્ષણ = ૧ વિપલ,

૬૦ વિપલ = ૧ પલ, ૬૦ પલ = ૧ ઘડી (૨૪ મિનીટ),

૨.૫ ઘડી = ૧ હોરા (કલાક),

૩ હોરા = ૧ પ્રહર, ૨૪ હોરા = ૧ દિવસ (દિન યા વાર),

૭ દિવસ = ૧ સપ્તાહ, ૪ સપ્તાહ = ૧ માસ,

૨ માસ = ૧ ઋતુ, ૬ ઋતુ = ૧ વર્ષ, ૧૦૦ વર્ષ = ૧ શતાબ્દી,

૧૦ શતાબ્દી = ૧ સહસ્ત્રાબ્દી, ૪૩૨ = સહસ્ત્રાબ્દી = ૧ યુગ,

૨ યુગ = ૧ દ્વાપરયુગ, ૩ યુગ = ૧ ત્રૈતાયુગ, ૪ યુગ

સતયુગ + ત્રેતાયુગ + દ્વાપરયુગ + કલિયુગ = ૧ મહાયુગ.

૭૨ મહાયુગ = મન્વન્તર, ૧૦૦૦ મહાયુગ = ૧ કલ્પ,

૧ નિત્ય પ્રલય = ૧ મહાયુગ

(ધરતી ઉપર જીવનનો અંત અને ફરીથી આરંભ),

૧ નૈમિતિક પ્રલય = ૧ કલ્પ (દેવોનો અંત અને જન્મ),

મહાલય = ૭૩૦ કલ્પ (બ્રહ્માંડનો અંત અને જન્મ).

ગુરુ મંત્રાદિક દ્વારા સદ્ભાવને સાધે છે.

ગુરુમાં શિષ્યના સંદેહો ટાળવાની, મંત્રમાં મનના વિકલ્પો (સંકુલ) નિવારવાની અને પ્રતિમામાં આત્મદર્શન કરાવવાની

અદ્ભુત શક્તિ રહેલી છે, માટે

ગુરુમાં મનુષ્યબુદ્ધિ, મંત્રમાં માત્ર વર્ણમાળાની અથવા પ્રતિમામાં પત્થરની બુદ્ધિ ધારણ કરવી, તે ઘોર પાપ મનાય છે.

મનનું રક્ષણ કરવાની શક્તિ મંત્રમાં છે,

બુદ્ધિનું રક્ષણ કરવાની શક્તિ ગુરુમાં છે અને

આત્માનું રક્ષણ કરવાની શક્તિ પ્રભુમૂર્તિમાં રહેલી છે.

મંત્ર અને મૂર્તિનું માહાત્મ્ય જણાવનાર ગુરુ હોવાથી મંત્ર, મૂર્તિ તથા ગુરુ - ત્રણેયમાં ગુરુતત્ત્વ મુખ્ય છે.

મંત્રથી ક્રોધ, મૂર્તિથી કામ તથા ગુરુથી કુબુદ્ધિ હણાય છે.

ભરત ચક્રવર્તીએ પોતાના બંદીજનોને કહી રાખ્યું હતું કે તેઓએ તેને રોજ 'ચેત ભરત! ચેત, કાળ ઝપાટા દેત.'

આવી ચેતવણી પોતાને આપ્યા જ કરવી.

સૌ કોઈને માટે આ ચેતવણી ઉપયોગી છે.

નાકોડા, માગસર વદ ૯-૧૦-૧૧

<u>સિદ્ધચક્ર ચરિત...</u>

સ્વરૂપ અને ફળની અપેક્ષાએ

પ્રાપ્તસિદ્ધ અવિદ્યા દેવ - ગુરૂ અને ધર્મનું ચક્ર.

આરાચક્રમાં સિદ્ધચક્રયંત્ર અને અર્હંના પેટાળમાં

સંખેશ્વર પાર્શ્વનાથનું દૃશ્ય રાત - દિવસ ધ્યાનમાં રહે

તથા 'ૐ અર્હં સિદ્ધચક્રાય નમઃ ।' મંત્રનો

અખંડ જાપ ચાલુ રહે, તો સાધના ઝડપી બને છે.

આ સંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતની

આરાધના સાધકને સુંદર સમાધિ અર્પે છે.

'<u>સિદ્ધચક્ર બૃહત્ પૂજન</u>'માં કહ્યું છે કે...

'ૐ હ્રીં અર્હં અનાહતાખ્યમમલં સારં રહસ્યં

શ્રુતેરસ્યો સા નમ ઇત્યભીષ્ટફલદં શ્રી સિદ્ધચક્રં યજે ।'

અર્થ: 'ૐ હ્રીં' પૂર્વક 'અર્હં' એ નામનું અતિ નિર્મળ

અને સર્વ શાસ્ત્રોના મૂળ રહસ્યભૂત અનાહત, જે

'અસિઆઉસા' રૂપે પૂજાય છે, તે આ સિદ્ધચક્રને પૂજું છું.

સિદ્ધચક્ર ચરિત...

સ્વરૂપ અને ફળની અપેક્ષાએ

પ્રમાણસિદ્ધ અહિંસા હેતુ-ગર્ભ અને ધર્મનું ચક્ર.

આ સિદ્ધચક્ર જેવું બીજું સાધન નહિ.

એની ચાકરીથી કર્મોનો પણ ક્ષય થઈ જાય છે તથા એની અનંત શક્તિમાન ચેતનનું પોતાનું સ્વરૂપ પ્રગટ થાય છે.

જ્યાં સુધી બધા રાજાઓનો વિજય ન થાય, ત્યાં સુધી જેમ ચક્રવર્તીનું ચક્રરત્ન આયુધશાળામાં પેસતું નહિ, તેમ અંતરંગ કષાયો શાંત થયાં વિના કે નાશ પામ્યાં વિના આ સિદ્ધચક્ર યંત્ર પણ હૃદયકમળની ઉપર કે બ્રહ્મરંધ્ર ઉપર મુખ્યપણે પ્રસ્થાપિત થઈ શકતું નહિ.

જેની સિદ્ધિ માટે બીજું કાંઈ જ વિધાન નહિ અને
માત્ર ધ્યાન કરતાં જ જે સિદ્ધ થાય,
તેવું અનાદિસિદ્ધ ચક્ર, તેનું જ નામ 'સિદ્ધચક્ર'.

સિદ્ધમંત્રની જેમ જે જાપ કરવા માત્રથી સિદ્ધ થાય,
માત્ર પાઠસિદ્ધ હોય, તે 'સિદ્ધમંત્ર' છે.

સિદ્ધચક્ર = સિદ્ધ એવા માતૃકાનો સમુદાય.

'ૐ નમઃ સિદ્ધં' = સિદ્ધ એવા માતૃકાને હું નમું છું.

આત્મભાવમાં પરિણમવું, તે

દ્વાદશાંગનો અર્થ છે અને તે જ નમસ્કારનો પણ અર્થ છે.

અહીં 'અર્થ' એટલે પ્રયોજન.

સમગ્ર દ્વાદશાંગનું - આગમોના બારે અંગનું પ્રયોજન

જીવને શિવભાવમાં પરિણમાવવો તે છે.

આર્હન્ત્ય એ સકલ અરિહંતોમાં રહેનારું છે,

તે કલ્યાણકલાપનું અર્થાત્ કલ્યાણ, શુભ, શ્રેય, સુખ,

હર્ષ, આનંદાદિ શિવતત્ત્વનું અધિષ્ઠાન છે,

ઊર્ધ્વ, અધો અને મધ્ય - એમ ત્રિલોકનું ઈશાન છે.

આર્હન્ત્ય એ ઉપકારકશાસન છે ઉપરાંત

અધઃપાતને અટકાવનારું તથા ઊર્ધ્વગમન કરાવનારું છે.

ત્રણે લોકમાં રહેલ શિષ્ટ તત્ત્વનું રક્ષણ કરનારું અને

અશિષ્ટ તત્ત્વનો નિગ્રહ કરનારું છે,

તેથી તે અક્ષર છે, વહાલ છે.

સિદ્ધચક્ર = સિદ્ધ થયેલું (આરાધ્ય) ચક્ર.

પરમેષ્ઠિવાચક अर्हं સિદ્ધચક્રનું ત્રિકાલાબાધિત બીજ છે,

સિદ્ધ એવા વર્ણમાળા માતૃકાનું મૂળ છે,

અ-ક્ષર = કદી નાશ ન પામનાર, બ્રહ્મ = સર્વવ્યાપી છે,

શાશ્વત બીજ એવા અર્હંનું પ્રણિધાન અર્થાત્

હૃદયમાં સ્થાપન, નિઃશેષેણ, પ્રકર્ષેણ ધ્યાન,

સંભેદ અને અભેદ પ્રણિધાન

તે સર્વ અનિષ્ટનું ચૂરક અને સર્વ ઇષ્ટનું પૂરક છે.

'अहं' એટલે 'न हन्तेऽसौ इति आत्मा।'

એ આત્મબુદ્ધિ જ્યારે દેહમાં સ્થાપન કરવામાં આવે છે,

ત્યારે તે 'अहं' ભવચક્રનું બીજ બને છે અને એ જ

આત્મબુદ્ધિ આત્મામાં સ્થિર થતાં તે જ 'अहं'

'अर्हं' સ્વરૂપ એ સિદ્ધચક્રનું બીજ બની જાય છે.

આત્મામાં આત્મબુદ્ધિ 'અહં' સ્વરૂપે છે, કેમકે

તે યથાર્થ જ્ઞાન - દર્શન - ચારિત્રમય છે.

સમ્યગ્ રત્નત્રયયુક્ત 'अहं' એ જ 'अर्हं' છે.

સિદ્ધચક્રનું માહાત્મ્ય અપૂર્વ છે.
એના અપૂર્વ સામર્થ્યની અનુભૂતિ કરવી હોય,
તો હૃદયમાં પ્રવેશ કર્યા વિના નહીં ચાલે.

બહારથી ભાગો - પહેલા દોડાતા

આ સંસારની ઉત્પત્તિનું કારણ હૃદયમાં છે.
જે સ્થળેથી ભવચક્રની ઉત્પત્તિ છે, તે સ્થળે જો સિદ્ધ-
ચક્રને સ્થાપવામાં આવે તો ભવચક્રનો અંત આવી જાય.
ભવચક્રના મૂળમાં 'અહં' છે, સિદ્ધચક્રના મૂળમાં 'અર્હં' છે.
સિદ્ધચક્ર યંત્ર માત્ર નવપદનું બનેલું નથી.
નવપદ તો એની મધ્ય સ્થાને છે, બાકી તો વિશ્વની
સર્વ વિભૂતિઓ તથા શક્તિઓથી એ ભરેલું છે.
આ યંત્રના મધ્યમાં નવપદ છે, તે એમ સૂચવે છે કે
સર્વ વિભૂતિઓ તથા શક્તિઓના મૂળમાં આ નવપદ છે.
એ જ્યાં હોય, ત્યાં બાકીનું બધું તો ખેંચાઈને આવે છે.
જગતની વિભૂતિઓના કેન્દ્ર સ્થાને સિદ્ધચક્ર છે.
સિદ્ધચક્રના કેન્દ્ર સ્થાને અરિહંત દેવ છે.

## સિદ્ધચક્ર તે સિદ્ધ ચક્ર જ છે.

ભુક્તિ અને મુક્તિ બંને આપવાની શક્તિ તેમાં છે,
સદા અનુભવ સાધકને તત્કાળ થાય છે.
નિત્ય નવપદનું ધ્યાન અને જપ કર્તવ્ય છે,
તેથી આત્માને પરમ શાંતિ અનુભવાય છે અને
મનની પ્રસન્નતા સદૈવ ટકી રહે છે તથા તે વડે
અશાતાનો ઉદય નિર્જરાનું પરમ નિમિત્ત કેમ બને?
તે આપણે જોવાનું છે.

## અર્હંના એ પદમાં કઈ ૮ વસ્તુ સમાવિષ્ટ?

(૧) અર્હં એ અનાહત સ્વરૂપ છે. (૨) સર્વ શાસ્ત્રોના રહસ્યભૂત છે. (3) તે અતિ નિર્મળ સ્વરૂપવાળું છે. (૪)'અસિઆઉસા નમઃ।' રૂપે પૂજાય છે. (૫) અભિષ્ટ ફળને દેનારું છે. (૬) અનાદિસિદ્ધ એવા વર્ણમાળાના વર્ણોનો સમૂહાત્મક સંગ્રહ છે. (૭) શ્રી જિનશાસનમાં 'શ્રી સિદ્ધચક્ર' એ (૮) નામના યંત્રરૂપે પ્રસિદ્ધ છે, તેથી સિદ્ધચક્રનું હું પૂજન કરું છું.

આ જિનશાસનનું સારભૂત સર્વસ્વ આ સિદ્ધચક્રમાં છે.

આ સિદ્ધચક્ર જિનશાસનમાં છે અને
આ જિનશાસન આ સિદ્ધચક્રમાં છે.

'સિદ્ધચક્રના ગુણ ઘણાં, કહેતાં નાવે પાર;
વાંછિત પૂરે દુઃખ હરે, વંદું વારંવાર.' ...(૧)

આ સિદ્ધચક્રનું જેટલું વિશિષ્ટ આરાધન કરાય, તેટલું આ જિનશાસન વિશિષ્ટ આરાધાય છે. એ આરાધનાથી મનની સઘળી ઇચ્છાપૂર્તિ થઈ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટે છે.

થિર કરી મન - વચ - કાય, રહીએ ઈક ધ્યાનશું,
તન્મય તત્પર ચિત્ત થઈ તસ ગાનશું રે લોલ. ...(૧)

સિદ્ધચક્રનો સેવક હું છું દેવતા,
ઉદ્ધર્યા કેઈ ધારણે એહને સેવતા. ...(૨)

સિદ્ધચક્રની ભક્તિ ઘણી મન ધારજો,
દુઃખને કોઈક કામ પડે સંભારજો. ...(૩)

સિદ્ધચક્ર એક Cosmic Dynamo છે,
ધ્યાનક્રિયા દ્વારા તે operate થાય છે.

તેમાંથી અચિન્ત્ય - અનંત શક્તિનો સ્રોત બને છે.
તેનાથી જ સર્વ સિદ્ધિઓ મળે છે. સિદ્ધચક્ર દ્વારા
એ સર્વ સિદ્ધિઓનું કેન્દ્ર આપણો આત્મા બને છે.
અહીં એ સિદ્ધચક્ર મહાયંત્રનું કેન્દ્ર છે - નાભિસ્થાન છે.
ત્યાં અધોમુખે કુંડાળું વાળીને રહેલી અને સર્પિણીની
આકૃતિરૂપે રહેલી તે શક્તિ જ્યારે જાગૃત થાય છે,
ત્યારે અદ્ભુત સિદ્ધિઓ સ્વયં પ્રાપ્ત થાય છે.
આપણા શરીરમાં જે સ્થળે કુંડલિ છે,
ત્યાં આત્માના શુદ્ધ ૮ રૂચક પ્રદેશો રહેલાં છે,
તે સ્થળે ધ્યાન થવાથી અગ્નિ પ્રગટે છે અર્થાત્
જાજ્વલ્યમાન જ્યોતિ શરીરમાં ચારેબાજુ પ્રસરે છે તથા
મલિન એવા ભૌતિક તત્ત્વોને બાળીને ભસ્મીભૂત કરે,
પછી તે ઉર્ધ્વગામી બનીને અમૃતસ્રાવ કરે છે
અર્થાત્ કે પરમ દિવ્યતા પ્રકટાવે છે.
શુદ્ધ આત્મપ્રદેશોના ધ્યાનથી થયેલ કર્મનિર્જરાના
ફળરૂપે આત્માનું મૌલિક શુદ્ધ સૌંદર્ય પ્રગટ થાય છે.

હે ભાગ્યશાળીઓ !

આ શ્રી સિદ્ધચક્રનું ધ્યાન સાધુઓનું સાધ્યબિન્દુ,
જ્ઞાનીઓનું જ્ઞેયબિંદુ અને ધ્યાનીઓનું ધ્યેયબિંદુ છે.
સર્વ સાધના - આરાધનામાં સર્વોત્કૃષ્ટ સાધના તથા
સર્વ યોગોમાં સર્વોપરિ યોગ છે.
અતીતકાળમાં અનંત સિદ્ધ થયાં છે,
વર્તમાનકાળમાં જે સિદ્ધ થઈ રહ્યાં છે અને
અનાગતકાળમાં જે સિદ્ધ થવાવાળાં છે, તે સર્વ શ્રી
સિદ્ધચક્રના ધ્યાનથી જ થયાં છે, થાય છે અને થવાના છે.
એ કુલદેવી કલ્પવૃક્ષ, કામકુંભ અને ચિન્તામણિ રત્નથી
પણ અનંત મહિમાવાળા અચિન્ત્ય ચિન્તામણિ અને
અતિ દુર્લભ મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને,
શુદ્ધ દેવ - ગુરુ અને ધર્મની સામગ્રી મેળવીને,
શ્રી જિનશાસનની મર્યાદાને માન આપીને,
પોતપોતાના ગુણસ્થાનકની યોગ્યતાનુસાર
શ્રી સિદ્ધચક્રનું ધ્યાન - પૂજન ઇત્યાદિ કરવું જોઈએ.

## શ્રી સિદ્ધચક્રનું ધ્યાન શા માટે કરવાનું છે ?

પ્રથમ માર્ગાનુસારી, પછી સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત સંયત, અપ્રમત્ત સંયતાદિ ગુણસ્થાનકોમાં આરૂઢ થઈને પોતાના આત્માનો અભ્યુદય કરવો અત્યંત આવશ્યક છે, એ માટે જ શ્રી સિદ્ધચક્રનું ધ્યાન - પૂજન કરવાનું છે.

## શ્રી સિદ્ધચક્રના મધ્યમાં અરિહંતપદ એટલા માટે છે કે તે ચારે ભાવનાં પ્રકર્ષવાન છે.

સૌથી ઉપર સિદ્ધપદ એ માધ્યસ્થ્યના પ્રકર્ષસૂચક છે,
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદ - એ અનુક્રમે
કરુણા, પ્રમોદ અને મૈત્રીને સૂચવે છે.

શ્રી સિદ્ધચક્ર યંત્રની ચાર વિદિશાના ચાર પદો પણ અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને ઇચ્છાનિરોધ રૂપ માધ્યસ્થ્યભાવ - ઔદાસિન્ય ભાવને સૂચવે છે.

શ્રી જિનશાસનની સમગ્ર આરાધનાનું કેન્દ્ર ભાવમૈત્રી છે અને તેથી જ જિનશાસન મૈત્રીના પ્રકર્ષને પામેલા શ્રી જિનેશ્વર દેવોની ભક્તિરૂપ છે.

શ્રી સિદ્ધચક્ર યંત્રમાં બિરાજેલા અરિહંત પરમાત્મા કેવા છે?

તેઓ અનંત અનંત ગુણના ધણી, પૂર્ણાનંદ સ્વરૂપી,
ત્રિલોકીનાથ, દેવાધિદેવ, કરૂણાસાગર, છ જીવનિકાયના
પ્રતિપાળ, માતા, પિતા, ભ્રાતા, ત્રાતા, શરણ, આધાર છે!
જેમનું દર્શન, વંદન, પૂજન, સ્તવન, ધ્યાન, મનન,
તથા પાંચે કલ્યાણકો મહામંગળકારી છે,
જઘન્યથી ક્રોડ દેવો જેમની સેવા-પૂજા કરી રહ્યાં છે,
એવા શ્રી તીર્થંકર પરમાત્માનો
જ્યારે સ્નાત્રમહોત્સવ ભક્તિથી ઉજવીએ છીએ, ત્યારે
એમ જ થાય છે કે સત્તાથી સિદ્ધના આત્મદ્રવ્ય જેવું
જ આત્મદ્રવ્ય મારામાં પણ પડેલું છે, ગુણની દૃષ્ટિએ
મારામાં ય હાલમાં એ બધા ગુણો આવરાયેલાં રહ્યાં છે,
પર્યાયની દૃષ્ટિએ આપ વર્તમાનમાં સિદ્ધના પર્યાયમાં છો,
જ્યારે મારામાં ભાવિની દૃષ્ટિએ સિદ્ધનો પર્યાય રહેલો છે,
તેથી મને જરૂર વિશ્વાસ છે કે
આપ મને જરૂર આપના જેવો બનાવશો!

## સિદ્ધચક્ર યંત્રમાં સમાવિષ્ટ કળશ અને ૯ વલય

ॐ = અગ્નિ, તે વડે સર્વ અશુદ્ધિઓ નાશ થઈ.
अर्हं = આત્મા જ્ઞાનવત્માન પ્રકાશવાળો બને છે અને
હ્રીઁ થી વીંટાયેલો તે કળશ અમૃતથી પ્લાવિત બને છે.
આ રીતે અર્હંકાર, ॐકાર અને હ્રીઁકારથી વીંટાયેલો
ધ્યાન કરાતો આ કળશ આત્મશુદ્ધિનો કારક બને છે.
આકંઠ ભરેલ કળશનું ધ્યાન કરી યંત્રનું સ્મરણ કરવું.

સિદ્ધચક્ર યંત્રમાં પ્રથમ વલય નવપદનું,
બીજું ૮ વર્ગ, ત્રીજું ૪૮ લબ્ધિ, ચોથું ૮ ગુરુપાદુકા,
પાંચમું ૧૮ અધિષ્ઠાયક, છઠ્ઠામાં ૮ જયાદિ દેવીઓ,
સાતમું ૧૬ વિદ્યાદેવીઓ, આઠમું ૨૪ યક્ષ/૨૪ યક્ષિણી,
નવમા વલયે ૪ દ્વારપાલ - ૪ વીર - ૧૦ દિક્પાલ
- ૯ ગ્રહ અને ૯ નિધિ રહેલ છે.

आर्हन्त्यं = વિશ્વપ્રેમ, ऋतं = ગતિશીલ તાલબદ્ધ બ્રહ્માંડ.
ॐ = ચમત્કારવાચક અવ્યય,
નમઃ = સ્વીકારવાચક અવ્યય, સિદ્ધં = સ્વીકારવાચક અવ્યય.

## શ્રી સિદ્ધચક્ર યંત્રમાં ૧૬ દેવી

अकारादिभिः षोडश स्वरैर्मण्डलेषु षोडश रोहिण्याद्या देवता अभिधीयन्ते । અર્થાત્: શ્રી સિદ્ધચક્રયંત્રના માંડલામાં અકારાદિ ૧૬ સ્વરો વડે રોહિણી આદિ ૧૬ દેવી કહેવાય છે.

રોહિણી = કુશળતાઓને ઉત્પન્ન કરે તે.

પ્રજ્ઞપ્તિ = પ્રકૃષ્ટ જ્ઞપ્તિ - જ્ઞાન.

अप्रतिचक्रा = ચક્કેસરી - ચક્રેશ્વરી દેવી.

ગહુંલિમાં સિદ્ધશિલાની આકૃતિમાં કલા ર્હ અરિહંતને અને નાદ - બિન્દુ = ઁ એ સિદ્ધપદને જણાવનાર છે.

⌣ = કલાની આકૃતિ જ એવી છે,
કે જે ધર્મજહાજને સૂચવે છે.
જહાજ જેમ સાગરથી તારે છે,
તેમ અરિહંતનું ધર્મતીર્થ પણ ભવસાગરથી તારે છે.
અરિહંત ભગવંત તીર્થસ્વરૂપ છે,
તેથી એ અર્થ સ્પષ્ટ થાય છે. સમગ્ર સિદ્ધચક્ર એ ભવસાગરથી તરવા માટે જહાજની ગરજ સારે છે.

આ સિદ્ધચક્રમાં પૂર્ણ આરાધના કઈ રીતે રહેલી છે?

જૈન દૃષ્ટિએ આરાધનાની પ્રક્રિયામાં
મંત્ર નવકાર છે, યંત્ર સિદ્ધચક્ર છે, તંત્ર સામાયિક છે,
તેથી નવકારને ચૌદ પૂર્વનો સાર અને
સામાયિકને ચૌદ પૂર્વનો સંક્ષેપ કહ્યો છે.
સિદ્ધચક્રના છેલ્લાં ચાર પદ સામાયિકરૂપ અને
પહેલાં પાંચ પદ નવકારસ્વરૂપ છે.

સિદ્ધગુરુ ન મળે, ત્યારે મંત્રોને તન્ત્રોક્ત
વિધાન દ્વારા શોધન કરી પુરશ્ચરણ કરવું પડે છે.

ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી સર્વ વિઘ્નો દૂર
થઈ જાય છે. શરીર રોગી હોય, તો પહેલાં તેને યોગા
ના મંત્રજપ દ્વારા શુદ્ધ કરવું પડે છે. ગાયત્રી આદિનું
પુરશ્ચરણ કર્યા વિના જેઓ મંત્રસાધના કરવા જાય,
તેમના શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થઈને
વિઘ્ન કરે છે. વ્યાધિ થવાથી સાધના થઈ શકતી નથી,
તેથી વ્યાધિનાશ માટે ર પ્રણવાદિનો જપ કરવો જોઈએ.

સિદ્ધચક્રના મન્ત્રની મધ્યમાં ચિત્ત લગાવીને ધ્યાન કરવાથી શુદ્ધ ચિત્તમાં ગુરુદેવની મૂર્તિ દેખાઈ આવશે. ત્યાર બાદ સંશયરહિત થઈ તેને જ ગુરુ તરીકે માની તેમની આજ્ઞાનુસાર ચાલવું જોઈએ. દશ - વીસ પુસ્તક એકત્ર કરી પોતાના મનથી જ સાધનાની એક ખીચડી કરી થોડા સ્તોત્રો અને મન્ત્રોનો યા કોઈપણ દેવતા કે દેવીનો મન્ત્ર જાપ, ધ્યાન કે યોગ કરવાથી કોઈ સિદ્ધિ થતી નથી. પોતાના વિચાર ઉપર વિશ્વાસ નહીં હોવાથી કોઈપણ સાધન ફલપ્રદ બની ન શકે. વિશ્વાસથી જ સર્વ મંત્ર ફલ આપે છે. સિદ્ધગુરુથી મંત્ર ગ્રહણ કરાય,

તો પુરશ્ચરણની પણ જરૂર નથી.

મંત્રની સાથે જ ગુરુની શક્તિ

શિષ્યના શરીરમાં પ્રવેશ કરી જાય છે.

કુલ ૩॥ કોડ મંત્રોની રચના છે.

સિદ્ધગુરુ વિના એ મંત્રો ફલતાં નથી,

માટે આ મનુષ્યજન્મમાં ગુરુને અવશ્ય શોધવા જોઈએ.

## નવપદ ચિન્તન

"નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન."

અરિહંત સિદ્ધ વંદી, આચારજ ઉવજ્ઝાય,
મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય,
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિના, ભવકોટિ દુઃખ જાય. ...૧

### આયંબિલ સાથે શ્રી નવપદનું આરાધન

શ્રી વર્ધમાન તપ આયંબિલની આરાધના ક્રૂર કર્મો તથા દુષ્ટ સંસ્કારોનું દમન કરે છે. શ્રીચંદ કેવલી, મહાસતી સુંદરી, આર્ય મહાસેન કૃષ્ણા આદિનાં દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. આયંબિલ તપ સાથે શ્રી નવપદનું આરાધન મનની નિર્મળતા અને આત્માની ઉજ્જવળતાનું અણમોલ સાધન છે. વિશ્વમાં સર્વોત્તમ તીર્થંકર અરિહંતાદિ નવપદોનું ધ્યાન, જપ, વંદન, પૂજનાદિ ધર્મ સર્વ વિઘ્નોનો નાશ કરે છે, તેમ તે સર્વ સિદ્ધિદાયક તથા મહામંગલકારક છે. તેની સામુદાયિક ઉજવણી ઉત્કૃષ્ટ કોટિનું પુણ્ય કર્મ ઉપાર્જન કરાવે છે.

નવપદના મૂળમાં પણ અર્હં છે અને
અર્હં એ આત્મા પોતે જ છે.

આત્મા જ્યારે આત્મામાં જ આત્મબુદ્ધિ ધારણ કરે છે,
ત્યારે પરમ આત્મા બની જાય છે.

જગતની વિભૂતિઓના કેન્દ્રસ્થાને સિદ્ધચક્ર,
સિદ્ધચક્રના કેન્દ્રસ્થાને 'અર્હં' અને
'અર્હં'ના કેન્દ્રસ્થાને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્ય
આદિ સર્વ જીવો, તેમના ગુણો તથા
તેમના પર્યાયો. આજ રૂપના સર્વ અરિહંતના આત્મા
સર્વ જીવોને પોતાના સમાન બનાવવા ચાહે છે.

ભાવના જેટલી વિશાળ અને ઉદાત્ત, તેટલી
ઊંચામાં ઊંચી જગતની સમૃદ્ધિ તેના ચરણમાં આળોટે છે.

તીર્થંકરોની ભક્તિ પ્રથમ, તીર્થોની ભક્તિ દ્વિતીય,
સિદ્ધચક્ર આદિની આરાધના ત્યારબાદ આવે.

સિદ્ધચક્ર ભગવાન અચિન્ત્ય - ચિન્તામણિ છે, કેમકે
તેના માલિક તીર્થંકરો છે.

## સિદ્ધચક્ર કુંભાકૃતિ છે.

શરીરની રચનામાં પહેલું પહેલું કુંભસ્થાપન થાય છે.
નાભિ એ શરીરની ઘડતરનો પ્રારંભ છે.
નાભિમાં ૮ રૂચક છે, તે આત્માના પવિત્ર તત્ત્વો છે.
બાકીના પરમાણુઓ કર્મથી આવરિત છે,
એ પ્રદેશો અનાદિકાળથી નિર્મળ છે, સ્થિર છે, પવિત્ર છે.
એ આઠ પ્રદેશો પવિત્ર ન હોય,
તો જીવ શિવ ન બની શકે. એ ચૈતન્ય ઉપર
આત્મવ્યાપાર શરૂ થાય છે અને અંતે મોક્ષ મળે છે.
સિદ્ધચક્રની સાથે આત્માનું જોડાણ છે. સિદ્ધચક્રના
મધ્યમાં અરિહંત છે, ચારે બાજુ આઠ બાજુ પદો છે.
સિદ્ધચક્રના યંત્રનું ધ્યાન આર્ત - રૌદ્ર ધ્યાન ટાળે છે.
તે દુઃખ, શોક, દરિદ્રતા, આધિ, વ્યાધિ, જન્મ, જરા
આદિ દુઃખનું નિવારણ કરનાર નવપદનું ધ્યાન છે.
ધ્યાન માટે નામ - યંત્ર - મૂર્તિ અને મૂળ જોઈએ.
મૂર્તિ એ યંત્ર છે, મૂળ એ તંત્ર છે, નામ એ મંત્ર છે.

## શ્રી સિદ્ધચક્ર યંત્ર

આકૃતીને જોવા એ અરિહંત ભગવંતોને જોવા બરાબર છે.
બહારથી દૃષ્ટિ આકાર ઉપર, અંતરથી અરિહંતો ઉપર છે.
આકૃતી રૂપી યંત્ર વડે દૂરસ્થ અરિહંતોને જોઈ શકાય છે.
દૂરની સૂક્ષ્મ વસ્તુઓને જોવા માટે યંત્ર જ સહાયક છે.

અરિહંતો દૂર પણ છે અને સૂક્ષ્મ પણ છે.

તેને બતાવનાર આકૃતી

એક સ્વરૂપે હોવા છતાં બે પ્રકારનું કાર્ય કરે છે.
ભક્તની ભાષામાં અર્થની પ્રધાનતા હોય છે, શબ્દની નહીં.

## શ્રી સિદ્ધચક્ર મહાસત્તા તરફ

સાધકે આત્મસમર્પણની વૃત્તિ વધારતાં જ રહેવું.
અખિલ બ્રહ્માંડ શ્રી સિદ્ધચક્ર મહાસત્તાને સ્વાધીન છે અને
સમર્પણનો પરમ મહોદય એ મહાસત્તાના અનુગ્રહથી થાય છે.
'શ્રી સિદ્ધચક્ર યંત્રોદ્ધાર વિધાન' વગેરેમાં આવે છે કે:
શ્રી વીતરાગ પરમાત્મા અને સિદ્ધોનું આહ્વાહન, સંસ્થાપન,
સન્નિરોધ, અવગુંઠન, પૂજન, વિસર્જન પણ થઈ શકે છે.

## સિદ્ધચક્ર અને આચક્ર

ચક્ર સમુદાય આગાર મંડલ - સિદ્ધોનો, સિદ્ધ થનારાઓનો અને
સિદ્ધિમાર્ગ ઉપર રહેલાઓનો તથા એ માર્ગનો નમસ્કાર
સમ્યક્ત્વને નિર્મળ બનાવનારો છે.

આ ચક્રમાં ભૌતિક વિશ્વ પણ સમાવી લીધું છે, તેથી
સિદ્ધ - અસિદ્ધ બંનેની સાધનાનો લાભ અવશ્ય મળે છે.

### સિદ્ધચક્રનું ધ્યાન શા માટે?

સિદ્ધના પ્રભાવથી નિગોદમાં લોકસત્તા છે,
તેમાંથી છૂટકારો થતાં બાદ કર્મસત્તા પ્રવેશે છે.
તેમાં પણ સર્વશ્રેષ્ઠ કર્મપ્રકૃતિ તીર્થંકર નામકર્મની છે,
જેમાં મહાસત્તા - ધર્મસત્તા પ્રવેશે છે.
તેને સૂચક ધર્મચક્રની ઉપર સિદ્ધચક્રની સત્તા છે.
આમ અનુક્રમે સિદ્ધચક્ર, ધર્મચક્ર, કર્મચક્ર, લોકચક્ર રહેલ છે.
નિગોદ ઉપર સત્તા લોકચક્રની અને
અવ્યવહારરાશિની નિગોદ ઉપર લોકસત્તા છે,
તેમાંથી છોડાવનાર સિદ્ધ ભગવંતની કૃપા છે.

## કર્મચક્ર - ધર્મચક્ર અને સિદ્ધચક્ર

અવ્યવહારરાશિ ઉપર જે સત્તા કર્મચક્રની છે, તેમાંથી છોડાવનાર ધર્મચક્ર છે, કિન્તુ સિદ્ધચક્ર છે, એ સિદ્ધ છે. ધર્મચક્ર તીર્થંકર નામકર્મની સત્તાને આધીન છે અને તીર્થંકર નામકર્મની સત્તા પણ સિદ્ધચક્રને આધીન છે. કર્મચક્રની આધીનતા એ અસિદ્ધતા છે, તેમાંથી છોડાવનાર ધર્મચક્ર અને ધર્મચક્રને ઉત્પન્ન કરનાર સિદ્ધચક્ર છે,

તેથી વિશ્વ ઉપર મહાસત્તા સિદ્ધચક્રની છે.

બાકી બધી સત્તા તેની અવાન્તર સત્તાઓ છે.

ધર્મચક્ર, કર્મચક્ર અને લોકચક્ર - એ સૌ ઉપર પ્રભુત્વ સિદ્ધચક્રનું છે, તેથી સિદ્ધચક્રનું ધ્યાન કર્તવ્ય છે.

પ્રકૃતિનું પ્રયોજન જીવોને કર્મમુક્ત કરવાનું અને જીવોનું પ્રયોજન કર્મમુક્ત થવાનું છે, તેથી કર્મમુક્ત કરનારી કરુણાનું સમગ્ર વિશ્વ ઉપર આધિપત્ય છે.

ધર્મમાં ધ્યાનની પ્રધાનતા છે, તેથી ધર્મ-દેવ અને ધર્મગુરુમાં પણ પ્રધાનતા કરુણાભાવની જ છે.

'અર્હં' એ પરમાત્માનું નામ, સિદ્ધચક્રનો બીજમંત્ર છે.

સિદ્ધ પુરુષોનો સમુદાય તે સિદ્ધચક્ર.

જેમાં વિશ્વના તત્ત્વરૂપ દેવ-ગુરુ-ધર્મ એ ત્રણે તત્ત્વનો સમાવેશ થાય છે, એ ત્રણેનો વાચક શબ્દ 'અર્હં' છે.

દેવ-ગુરુ-ધર્મ એ આત્માની જ ચડતી ભૂમિકાઓ છે, તેથી તેનો જાપ કરવો, તે શબ્દરૂપે આત્માનો જ જાપ કરવા બરાબર છે.

જાપથી પવિત્ર પરમાણુઓ આપણા તરફ ખેંચાઈ આવે છે,
આજુબાજુનું વાતાવરણ પવિત્ર બને છે,
મન-શરીરાદિના પરમાણુઓ પવિત્ર બને છે,
સંકલ્પો સિદ્ધ થાય છે, પ્રતિકૂળતાઓ દૂર થાય છે,
અનુકૂળતાઓ આવી મળે છે,
મોક્ષમાર્ગમાં આગળ વધવાના અધિકારી થવાય છે તથા
વ્યવહારની મુંઝવણ ઓછી થાય છે.

આ જાપથી વિશ્વમાં લોકમાં લોકોત્તર તત્ત્વને નમસ્કાર છે.

આગળ વધવા ઇચ્છનારને આ જાપ એ પ્રથમ ભૂમિકા છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવાનાં સાધન, તે ધર્મ.

આત્માદિ વસ્તુનું જ્ઞાન તે, જ્ઞાન છે,

તેની દૃઢ શ્રદ્ધા તે, દર્શન છે,

જ્ઞાન અને શ્રદ્ધા પ્રમાણે વર્તન કરવું, તે ચારિત્ર

તથા સર્વ ઇચ્છાઓનો નિરોધ કરવો, તે તપ છે.

આ ચારને 'ધર્મ' કહેવાય છે.

આ ચારને પાંચ પરમેષ્ઠિ સાથે મેળવતાં ૯ થાય છે.

તે ૯ના સમુદાયને 'સિદ્ધચક્ર' કહે છે.

તે ૯નો વાચક શબ્દ 'અર્હં' છે.

અર્હં બીજરૂપ હોવાથી તેમાં સિદ્ધચક્રનો સમાવેશ થાય છે.

શુદ્ધ આત્મદ્રવ્યનું પરપુદ્ગલથી અને રાગાદિ દોષોથી ભિન્ન એવું જાણપણું, શ્રદ્ધાનપણું અને અનુભવપણું તે જ નિશ્ચયથી સિદ્ધચક્રપૂજનથી મળતું રત્નત્રય છે.

સ્વશુદ્ધાત્માનો કે તેના સ્વરૂપનો અનુભવ જ્ઞાન, શ્રદ્ધા, પરિણતિથી થાય, ત્યારે તેને નિશ્ચયથી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્ર થયું કહેવાય.

## કળશમાં ૐકાર - હ્રીંકાર - અર્હંકાર

अर्हं आत्मानं ॐ अग्निं ह्रीं शुद्धिं मायाऽमृतप्लुतं
सुधाकुम्भस्थाकंठं ध्यायेत् | अर्हद्गिरि:

ૐરૂપી અગ્નિથી શુદ્ધ અને માયા = હ્રીં રૂપી અમૃત ઝરતાં કંઠ સુધી અમૃતના કુંભમાં રહેલા અર્હં રૂપી આત્માનું ધ્યાન કરવું.

ૐરૂપી અગ્નિથી સર્વ અશુદ્ધિઓનો નાશ થઈ અર્હંથી આત્મા જ્ઞાનપ્રકાશવાળો બને છે તથા હ્રીંથી વીંટાયેલો તે આત્મા અમૃતથી પ્લાવિત બને છે.

આ રીતે ૐકાર, હ્રીંકાર અને અર્હંથી કળશ વીંટાયેલો છે.
આ કળશ આકંઠ એટલે કંઠ સુધી અમૃતથી ભરેલો છે.

આવી આકૃતિનું નિરંતર ધ્યાન કરવું અને
ત્યારબાદ સ્મરણ કરતાં રહેવું.

આ સ્મરણ કરતાં ચિત્તના ત્રણ ધર્મ સમજાય છે કે:

બીજાના દુઃખ દેખીને પીગળી જવું, તે માર્દવ છે.
બીજાના સુખ દેખીને પ્રકાશિત થવું, તે મોદ છે.
બીજાના ગુણ દેખીને પ્રસન્ન થવું, તે પ્રસાદ છે.

કોઈપણ યંત્ર, પછી તે શ્રી યંત્ર હો યા
સિદ્ધિચક્ર યંત્ર હો, તે એક જ વસ્તુ છે.
સૌમાં યંત્રત્વ એક સમાન છે.

યંત્ર એક જાતનું ચેતનાચક્ર છે, જેની ગતિ કેન્દ્રગામી છે.
બધાં જ યંત્રો કેન્દ્રમાં લઈ જવા માટે છે.
કેન્દ્ર તે આત્મા અગર આત્મશક્તિ પોતે જ છે.

તેને જ શિવ, બુદ્ધ, જિન, નિરંજન, શક્તિ આદિ પદોથી લક્ષિત કરવામાં આવે છે. મંત્ર - યંત્રાદિ બધાં સાધનોમાં જ્યારે પણ આત્મશક્તિ આંદોલિત થાય છે, ત્યારે જ તે અર્થ ક્રિયાકારી બને છે, ત્યાં સુધી તે અનર્થ ક્રિયાકારી છે અર્થાત્ અર્થ ક્રિયાકારી નથી. એક અપેક્ષાએ પૂજ્યપણે કરતાં પણ વાહિમંડલોનું મહત્ત્વ વિશેષ છે. દેવતાઓ ગત જે અચિંત્ય પરમાત્માની શક્તિ, તેને ન સમજી શકનારા પ્રાથમિક જીવો પૂજ્યપણાની શક્તિને કેવી રીતે જાણી શકે? દેવ - દેવતાઓમાં તે શક્તિ છે કે જે વડે દેવાધિદેવની દિવ્યતાનું ભાન થાય છે.

'વિદ્યાપ્રવાદ' પૂર્વના રહસ્યભૂત આ સિદ્ધચક્ર યંત્રમાં
દેવતાઓનું સ્થાન - પ્રયોજન વિશાળ તથા મહત્વનું છે.
તત્વતઃ દેવદેવતાઓ જ દેવાધિદેવની બાહ્ય સ્થૂલ શક્તિ છે.
નવગ્રહ કે નવનિધાન એ કોઈ સામાન્ય વસ્તુઓ નથી.
આ યંત્રને સિદ્ધ કરવાનું રહે છે, જ્યારે
સિદ્ધચક્ર યંત્ર તો સદા માટે સ્વયંસિદ્ધ છે.

अकारादि क्षकारान्तानां, पंचाशतः सिद्धत्वेन
प्रसिद्धानां चक्रं समुदायः स सिद्धचक्रः ।

સિદ્ધચક્ર = સિદ્ધોનો સમુદાય. અકારથી ક્ષકાર સુધી
૫૦ વર્ણો - સિદ્ધાક્ષરોનો સમુદાય તે સિદ્ધચક્ર અથવા
સિદ્ધ જેમાં મુખ્ય છે, એવા નવપદોનો સમુદાય
અથવા અષ્ટકર્મોનો ક્ષય કરનારાઓનો સમુદાય.

લોકપુરુષનું લલાટ તે જ જગત્મૂર્ધન્ય ધામ આ સિદ્ધશિલા,
તેના ઉપર રહેલ આ સિદ્ધોનો સમુદાય, તે જ સિદ્ધચક્ર.
સિદ્ધોનું સ્વરૂપ છેલ્લા તાપને પામેલા અને શુદ્ધ થયેલાં
સોનાની માફક વિશુદ્ધિ - કેવલજ્ઞાનમય હોય છે.

## 'ॐ નમઃ સિદ્ધં ।' - એક અદ્ભુત મંત્ર

રોજ નિયમિતપણે 'ॐ નમઃ સિદ્ધં ।'નો જાપ અને બ્રહ્મરંધ્રમાં તેનું ધ્યાન અડધો કલાક કરવાથી માત્ર બે જ મહિનામાં બધી દિશાએ અદ્ભુત વિકાસ સાધી શકાશે.

આ મંત્રમાં અદ્ભુત શક્તિઓ છે, તેમાં સિદ્ધ ભગવંત - શુદ્ધ ચૈતન્યસ્વરૂપને નમસ્કાર છે. તેમાં સિદ્ધશિલા ઉપર રહેલાં સિદ્ધ ભગવંતો અને નયાપેક્ષા સર્વ જીવરાશિ આવી જાય છે.

એક માળા પૂરી થાય, ત્યારે મેરૂ ઉપર 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ।' એમ કહેવું.

સતત અને ભાવપૂર્વક 30 મિનિટ સુધી બ્રહ્મરંધ્રમાં જાપ અને ધ્યાન કરવાથી શુભ કાર્યની સિદ્ધિ થશે.

સંખ્યાની ગણત્રી રાખવાની જરૂર નથી,
માત્ર 30 મિનિટનો સમય થવો જોઈએ.

'ॐ નમઃ સિદ્ધં ।' 'સિદ્ધો વર્ણસમામ્નાયઃ ।' એ સૂત્રથી અનાદિ વર્ણમાળા - સર્વ અક્ષરમાતૃકાને પણ નમન થાય છે.

'ૐ નમઃ સિદ્ધં ।' મંત્રનું માહાત્મ્ય

સમગ્ર વિશ્વ પર અષ્ટકર્મ જીતનારાઓનું શાસન ચાલે છે,
તે સત્યને સૂચવનાર મંત્ર 'ૐ નમઃ સિદ્ધં ।' છે.
સિદ્ધોને નમીને તીર્થંકરો દીક્ષા લે છે અને
તેઓ તીર્થને નમીને દેશના આપે છે.
સિદ્ધ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે અને
તીર્થ એ શુદ્ધ (સિદ્ધ) સ્વરૂપને પામવાનો માર્ગ છે.
વ્યવહારનય તીર્થનું બહુમાન કરે છે અને
નિશ્ચયનય તત્ત્વને ઉપદેશે છે.
તીર્થને નમસ્કાર કરવાથી શું થાય?
તીર્થને નમસ્કાર કરવાથી માર્ગની રક્ષા થાય, સિદ્ધને
નમસ્કારથી તત્ત્વનું પ્રણિધાન થાય છે. એ તત્ત્વના
પ્રણિધાનપૂર્વક થતું તીર્થનું આરાધન મોક્ષમાર્ગ બને છે.
તીર્થને નમસ્કાર એ માર્ગનું બહુમાન છે,
સિદ્ધને નમસ્કાર એ તત્ત્વનું બહુમાન છે.
તીર્થંકરો તીર્થને અને સિદ્ધને - ઉભયને નમે છે.

'ૐ નમઃ સિદ્ધમ્ ।' આ મંત્રનો અર્થ છે કે :

ૐ કે જે સિદ્ધ છે, તેને નમસ્કાર થાઓ.

'નમઃ ।' એ સિદ્ધ પદ છે, તેને હું સ્વીકારું છું.

સિદ્ધને નમસ્કાર થાઓ ૐપૂર્વક અહર્નિશ

ૐપૂર્વક સિદ્ધ નમસ્કાર સકલ કાર્યસિદ્ધિનું અંગ છે.

આ મંત્ર વડે સિદ્ધ અવસ્થાનો અનુભવ થઈ શકે છે.

સદા નિર્વિઘ્ન બનવાર્થે આ જાપ સહાયક બને છે.

'અર્હં' મંત્ર પ્રધાન પરમેષ્ઠિ - અરિહંતનું વાચક છે,

સમવસરણસ્થ જિનનું ધ્યાન તે રૂપસ્થ ધ્યાન છે.

ભવ્યોને અરિહંતોનું ધ્યાન હોય,

કિન્તુ અરિહંતોના ધ્યાનનું ધ્યાન ન હોય.

સાધનામાં પરસત્તા એ ગૌણ - આત્મસત્તા મુખ્ય વસ્તુ છે.

અરિહંતોના ધ્યાનના ધ્યાનમાં આત્મસત્તા વિષય પડે છે

અને અરિહંતોના ધ્યાનમાં પરસત્તા વિષય મુખ્ય બને છે.

સાધનાનો માર્ગ અંતર્મુખી છે, બહિર્મુખી નહીં.

પરસત્તામાં બહિર્મુખતા છે, આત્મસત્તામાં અંતર્મુખતા છે.

ૐ નમઃ સિદ્ધં । અને ૐ અર્હં નમઃ ।
એ બંને મંત્રો એક જ વસ્તુને કહે છે.
જેમ અ થી હ પર્યંત વર્ણમાળાની મધ્યમાં અને
અર્હં પદની મધ્યમાં સન્નિવેશ છે, તેમ 'સિદ્ધં'
શબ્દથી પણ અનાદિસિદ્ધ વર્ણમાળાને જ નમસ્કાર છે.
અર્હં અક્ષર સર્વ વ્યાપક છે.
ૐમાં પણ અ થી મ પર્યંત વર્ણોનું
સંક્ષિપ્ત ઉચ્ચારણ છે, તેથી તે પણ શબ્દબ્રહ્મને કહે છે.
સમાધિ અવસ્થાનો પરમ મંત્ર કયો ?
'ૐ અર્હં નમઃ ।' મંત્ર પ્રકૃતિની શુદ્ધિ અને
તે દ્વારા અંતઃકરણનાં સમાધાન વડે
સમાધિ અવસ્થાનો પરમ મંત્ર છે.
તેના જાપથી પળમાં જન્મજન્મનું ભાથું બંધાઈ જાય છે.
તે ભાથું બોધિ અને સમાધિનું છે.
'વિશ્વ સ્વયં પૂર્ણ છે' એવું ભાન તે બોધિ અને
પૂર્ણતાના ભાનથી જન્મતી ચિત્તની પરમ શાંતિ તે સમાધિ.

## ત્રણ મંત્રોનું રહસ્યભૂત તત્ત્વ

(૧) ૐ<br>
નમઃ } હકાર - સ્વીકારવાચક શબ્દ.<br>
સિદ્ધં

Three times positive Statements.

(૨) ૐ = વ્યક્તિઓથી એકતાનો સંસ્કાર.<br>
અર્હં = કાળઓથી એકતાદર્શક શબ્દ.<br>
નમઃ = વસ્તુઓથી એકતાનું પરિજ્ઞાન.

પ્રતિકૂળ જણાતા પ્રસંગોમાં પણ અનુકૂળ તત્ત્વ શોધી કાઢવાની શક્તિ અને બુદ્ધિપ્રદાન કરવી, એ આ ત્રણે મંત્રોનું રહસ્યભૂત તત્ત્વ છે. આપત્તિ એક અંશમાં પ્રતિકૂળ છે, તો તે બીજા અંશમાં અનુકૂળ પણ છે: દૃષ્ટાંત તરીકે: તાવ આવ્યો પણ ખાંસી કે કફ નથી.

શરીર માંદુ છે પણ મન સ્વસ્થ છે.

શરીરથી બહારનાં કાર્ય નથી થઈ શકતાં પણ મનની અંદર પ્રભુસ્મરણ આદિ વિશિષ્ટપણું થાય છે.

'ૐ નમઃ સિદ્ધં ।' એ મહામંત્ર છે.

ૐ એ પંચ પરમેષ્ઠિમય છે, પરમાત્મવાચક છે અને
નમઃ એ અનુનાસિકનું પ્રતીક તથા વિનયવાચક છે.
વિનય એ મદ - માનનો નાશ કરનાર છે.

'ન' એ સૂર્યવાચક - આત્મવાચક છે અને
'મ' એ સોમવાચક - બિન્દુસ્વરૂપ છે.

વિસર્ગ એ મહાપ્રાણસ્વરૂપ છે, માયિક સૃષ્ટિનું વિસર્જન
કે વિશિષ્ટ સર્જન કરનાર આત્મા છે, અનુચ્ચાર્યમાણ છે.

'સિદ્ધં' એ પ્રકૃતિવાચક - શાશ્વતવાચક છે.
તે અસિદ્ધ નહિ પણ અનાદિસિદ્ધ છે,
ઉત્પત્તિ - વિનાશશીલ વિશ્વમાં સદાકાળ ધ્રુવપદ છે.

'ધ્' એ દાનાર્થે અને 'દ્' એ ધૃત્યર્થે - ધારણાર્થમાં છે.
જે દે છે અને ધારણ કરે છે,
તે તત્ત્વનું અનાદિસિદ્ધ નામ 'સિદ્ધ' છે.

ૐ નમઃ સિદ્ધં । નિર્ગુણ - સગુણ - ઉભય ઉપાસના.
ૐ નમઃ સિદ્ધં । માતૃકાને ૐપૂર્વક નમસ્કાર થાઓ.

ॐ नमः सिद्धम् ।

ॐ એ સિદ્ધ છે, નમઃ સિદ્ધ છે, આત્મા પણ સિદ્ધ છે.
તેને સાધવાનો નથી, કિન્તુ ત્રણે કાળ તે સિદ્ધ છે.
He is infinite and eternal.
સિદ્ધપદ પમાડવાની ભાવનામાત્રથી અરિહંતપદ પ્રાપ્ત થાય,
તેથી સિદ્ધપદ એ સિદ્ધ છે અને સકલ સિદ્ધિનું કારણ છે.
આચાર્યો આચાર પાળે છે, તે સિદ્ધપદ માટે.
ઉપાધ્યાયો જ્ઞાન આપે છે, તે સિદ્ધપદ સંબંધી.
સાધુઓ રત્નત્રય વડે સિદ્ધિના માર્ગને સાધે છે.
ધર્મ પણ સિદ્ધપદનું સાધન હોવાથી ઉપાદેય છે.
સિદ્ધપદ સિદ્ધશિલા ઉપર છે. તેની રુચિ તે દર્શન છે.
સિદ્ધપદની સર્વ શ્રેષ્ઠતાનો બોધ તે જ્ઞાન છે.
સિદ્ધપદની પરિણતિ તે ચારિત્ર છે અને
સિદ્ધપદની સાધના માટેનો શ્રમ તે તપ છે.
સર્વ જીવ સિદ્ધ સમ છે, માટે જ મૈત્રી, પ્રમોદભાવ,
કારુણ્ય અને માધ્યસ્થ્યભાવની જરૂર ઊભી થાય છે.

'ૐ નમઃ સિદ્ધં ।' એ...
સિદ્ધ મંત્ર છે, શાશ્વત મંત્ર છે, સત્યનો પ્રકાશ પાડનાર
મંત્ર છે, તેનું નિરંતર બ્રહ્મરન્ધ્રમાં ધ્યાન કરવું જોઈએ.
મનમાં જ્યારે ભાવ ઉત્પન્ન થાય છે, ત્યારે તે મન
નમસ્કારરૂપ બનીને ગુણરત્નોરૂપી ખજાનાથી ભરપૂર
આત્મદ્રવ્યરૂપી તિજોરીનું તાળું ખોલી નાંખે છે અને
તે 'ૐ નમઃ સિદ્ધં ।' મંત્રનું
ચૈતન્ય પ્રકટાવા આપે છે, સિદ્ધ વસ્તુને દેખાડે છે,
તેના પ્રત્યે આદરભાવ જગાડે છે અને હંમેશ માટે તે
અંદરના આનંદ અને સુખનો અનુભવ કરાવે છે.
'ૐ નમઃ સિદ્ધં ।' મંત્રનું એ ચૈતન્ય છે.
'અહં'નો નાશ જ 'અર્હં'ની ઉપાસના છે.
વિકૃત 'હું' આજે મસ્તક ઉપર છે,
તેને સૌથી નીચે લાવવાની ક્રિયા નમસ્કાર છે.
સૌથી ઊંચે પહોંચવાની હરીફાઈ છોડીને, સૌથી
નીચે રહેવાનો આનંદ નમસ્કાર દ્વારા લઈ શકાય છે.

'ॐ નમઃ સિદ્ધં ।' એટલે શાશ્વત અર્થના ગુણમાળાને
- પરમેષ્ઠિ ભગવંતોને વિનયપૂર્વક નમસ્કાર થાઓ.

અતીન્દ્રિય વસ્તુઓને વિષય કરનાર જ્ઞાન જ્યાં સુધી ઉત્પન્ન થતું નથી, ત્યાં સુધી તે જ્ઞાનને પ્રકાશ કરનાર પરમ પરમેષ્ઠિઓનો વિનય એજ ઉન્નતિનું કારણ છે. નતિરેવોન્નતિર્લોકે । લોકમાં ઉન્નતિનો માર્ગ એક નતિ છે. નતિ વડે જ ઉન્નતિ સધાય છે. સિદ્ધ વસ્તુની પિછાન માટે જ્ઞાનીઓને નમસ્કાર જ એક અનન્ય સાધન છે.

ॐ નમઃ સિદ્ધમ્ । આ મંત્રનો અર્થ છે કે:

ॐ કે જે સિદ્ધ છે, તેને નમસ્કાર થાઓ.

'નમઃ ।' એ સિદ્ધપદ છે, તેને હું સ્વીકારું છું.

સિદ્ધને નમસ્કાર થાઓ ॐપૂર્વક અહર્નિશ

ॐપૂર્વક સિદ્ધ નમસ્કાર સકલ કાર્યસિદ્ધિનું અંગ છે.

o 'ॐ ह्रीं श्रीं क्लीं अर्हं ऐं नमः सिद्धं ।' - વર્ણ ૧૦

o 'ॐ ह्रीं क्लीं अर्हं ऐं नमः सिद्धम् ।' - વર્ણ ૧૧

- વાચક મેઘવિજય રચિતમ્

'ॐ નમઃ સિદ્ધં ।'

પંચમંગલરૂપ આ પંચાક્ષર મંત્ર એ નવકારનો સાર છે.
'ॐ નમઃ સિદ્ધં ।'નો સાર 'અર્હં' છે, જેમાં સરલ રેખા
નાદ છે, બિંદુ એ કલારૂપ અને કલા એ વક્રરેખારૂપ છે.

સાધકે કલારૂપ નિજ શરીરની શક્તિ અનુસાર
બિંદુરૂપ શૂન્યમાં ધ્યાન અવસ્થિત કરી
નાદરૂપ ॐ અર્હંમાં પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ.
ધ્યાનની ઉચ્ચાવસ્થામાં તે નાદ
અનાહત ધ્વનિરૂપે અનુગુંજન કરશે.

ॐ એ નાદરૂપ, નમઃ એ બિંદુરૂપ, સિદ્ધં એ કલારૂપ છે.

'પ્રકર્ષેણ નવઃ યઃ સ પ્રણવઃ ।' જેમાં પ્રચુર નવીનતા
છે, નિત્ય નવું સર્જન કરવાની ક્ષમતા છે, તે 'પ્રણવ' છે.

ॐ એ સિદ્ધબીજ છે,
નમઃ એ બિન્દુ છે, તેમાં ગુણગ્રાહકતા છે,
સિદ્ધિબીજનું ૐ વડે વપન કરી, નમનીય અવસ્થા વડે
સીંચન કરી સિદ્ધિપદની પ્રાપ્તિરૂપી ફલ મેળવી શકાય છે.

બિંદુ-નાદ તથા કલામય 'ૐ નમઃ સિદ્ધં'ની ઉપાસના
કરવી. વર્ણમાતૃકા દ્વારા પરામાતૃકાનું જ્ઞાન મળે છે.
પ્રત્યેક વર્ણના ઉચ્ચાર રૂપે જે નાદ ઉત્પન્ન થાય છે,
તેમાં મનની સ્મૃતિરૂપી વૃત્તિને એકાગ્રતાપૂર્વક
જોડવાથી નાદાનુસંધાનપૂર્વક આત્માનુસંધાન થાય છે.
'ૐ નમઃ સિદ્ધં'ના પ્રસ્તુત વર્ણોચ્ચારમાં વાચ્ય ન હોવાથી
વાચક નહિ, તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે.
સાધક સર્વ શ્રુતનો પારગામી થાય છે.
શ્રુતજ્ઞાનાવરણીય કર્મોની નિર્જરામાં માતૃકાનું સંસ્મરણ
એ સચોટ ઉપાય છે અને સરલ ઉપાય પણ છે.

नकारं प्राणनामानं दकारमनलं विदुः ।
जात प्राणाग्नि संयोगात् तेन नादोऽभिधीयते ॥ અર્થાત્:
'ન'કાર = પ્રાણ, 'દ'કાર = અગ્નિ જાણવું. આ રીતે
પ્રાણ અને અગ્નિના સંયોગથી 'નાદ' કહેવાય છે.
જીવની મૂળ બ્રહ્મશક્તિ નાદ તે અવ્યક્ત ધ્વનિ છે.
એ ધ્વનિ નાભિમાં વિકાસ કરે છે.

'ૐ નમઃ સિદ્ધં ।': 'ઓં' એ 'નમઃ'નું સિદ્ધ રૂપ છે.
મન નમઃમાં પલટાઈ અંતે ૐમાં પરિણમી જાય, ત્યારે
આત્મજ્ઞાન થાય છે અને ભવભ્રમણનો અંત આવે છે.
મનનું પરિભ્રમણ છે, ત્યાં સુધી જ ભવનું ભ્રમણ છે.

આત્માને પરમાત્માની અભિમુખ કરવા માટે
મનરૂપી સાધનનું જ અવલંબન લઈ
તેને ઊલટાવીને 'નમઃ' સ્વરૂપ બનાવવું જોઈએ.

બાહ્ય પદાર્થોમાં અહં - મમ બુદ્ધિ ધારણ કરનાર
મનને તેમાંથી છોડાવવા 'નાહં ન મમ'નો મંત્રમાં શીખવું.
નમઃવૃત્તિ અંતરાત્મભાવરૂપ છે. બહિરાત્મભાવમાં રમતું
મન નમઃના અભ્યાસથી અંતરાત્મભાવમાં સ્થિર થાય,
ત્યારે અંતરાત્મામાં પરમાત્મભાવનાં દર્શન થાય છે, પછી
નમઃવૃત્તિ ૐકારમાં પલટાઈ જાય છે અને ઓં સ્વરૂપ
આત્મામાં સ્થિર થવાથી 'નમઃ' એ સિદ્ધ મંત્ર બને છે.
પરમાત્મસ્વરૂપનું પ્રતીક ૐ છે, તેથી નમઃનું ધ્યાન
ૐમાં રૂપાંતર પામે, ત્યારે તે મંત્ર સિદ્ધ થયો ગણાય છે.

'ૐ નમઃ સિદ્ધં ।'

આ મંત્ર પ્રાચીનકાળથી સર્વ દેશવ્યાપક છે.
તે અલૌકિક, અનુપમ અને અગોચર મહિમાવાળો છે.
'ૐ નમઃ સિદ્ધં ।' પ્રાકૃતમાં 'નમઃ' થઈ શકે નહીં.
'નમો' હોય તો જ પ્રાકૃત કહી શકાય.
નમઃના યોગમાં ચતુર્થી આવે, છતાં આર્ષ કે આગમિક પ્રયોગોને કદાપિ વ્યાકરણના નિયમો પ્રતિબંધક થતાં નથી. સિદ્ધે ભો પયઓ ણમો જિણમએ । અહીં સપ્તમી હોવા છતાં દ્વિતીયા કે ષષ્ઠીના અર્થમાં આવી શકે. 'પ્રબોધટીકા'માં તેની છાયા ચતુર્થીમાં આપીને કર્મમાં દ્વિતીયા અર્થ કર્યો છે.
ૐ નમઃ સિદ્ધં । મંત્રનું તાત્પર્ય છે કે : સિદ્ધાત્માને નમસ્કાર હો કે નમસ્કાર એ જ સિદ્ધિનો મહામંત્ર છે.
સર્વ જીવાત્મા સિદ્ધસ્વરૂપ છે, એમ નહીં પણ સર્વજ્ઞ ભગવંતના શાસનમાં સિદ્ધ છે તે તમામ ભાવો, પદાર્થો, કાર્યોને નમસ્કાર એટલે અનુકૂળ રહેવું તે. આ મંત્ર વડે અદ્ભુત રીતે મન-પ્રભુ-આત્માની એકતા સધાય.

મંત્રના અક્ષરો જાપ અને ધ્યાન વડે પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે જેને 'નમસ્કાર' પણ કહેવાય છે.

ૐ નમ: સિદ્ધં । સિદ્ધ પરમાત્મ ભગવંતો કેવા છે ?

1) અખિલ લોકના મસ્તક ભાગે રહેલાં.
2) સર્વને શુદ્ધ સ્વરૂપનો બોધ કરનારા.
3) ચિરબદ્ધ કર્મનો ધ્યાનથી ધ્વંસ કરનારા.
4) પરમ મંગલ સદા અવિનાશી પદને પમાડનારા.
5) પરમ મંગલ સદા આત્મતત્ત્વનો અનુભવ કરનારા.
6) પરમ મંગલ સદા અવિનાશીપણાંને પ્રાપ્ત થયેલા.
7) જીવનના સર્વ પ્રયોજનોને સિદ્ધ કરનારા કૃતકૃત્ય.
8) ભવ્ય ભવ્ય આત્માઓને ગુણોની સિદ્ધિ કરાવનારા.

સર્વ સિદ્ધ ભગવંતો મંગળરૂપ બનેલા છે,
માટે તેઓ મંગળરૂપ કરનારા છે.

સકલ જગત બ્રહ્મસ્વરૂપ તથા બ્રહ્મ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યસ્વરૂપ છે, તેથી તેની શાંતવૃત્તિથી ઉપાસના કરવી.

બ્રહ્મની ઉપાસના ૐ રૂપી ઓમકાર વડે થાય છે.

'ૐ નમઃ સિદ્ધં ।' 'ૐ અર્હં નમઃ ।'

બંને એક જ વસ્તુને કહે છે.

જેમ અ હ એ પર્યંત વર્ણમાળાની મધ્યમાં અને
અર્હં વર્ણની મધ્યમાં સન્નિહિત છે, તેમ 'સિદ્ધં'
શબ્દથી પણ અનાદિસિદ્ધ વર્ણમાળાને જ નમસ્કાર છે.

ૐમાં પણ અ હ મ પર્યંત વર્ણોનું
સામૂહિક ઉચ્ચારણ છે, તેથી તે પણ શબ્દબ્રહ્મને કહે છે.

કામ, ક્રોધ, લોભ - ત્રણે જગના શત્રુ છે, નરકનાં હેતુ છે.
તે ત્રણેને જીતાવનાર મંત્રો છે:
'ૐ નમઃ સિદ્ધં ।' અને 'ૐ અર્હં નમઃ ।'
ૐ એ કૃતજ્ઞતા લાવે છે, અર્હં એ દાનતા લાવે છે
અને નમઃ એ શાન્તતા લાવે છે.
તેથી નરકના દ્વારો રોકાય છે, સ્વર્ગના દ્વારો ખૂલે છે
તથા પરંપરાએ અપવર્ગના અધિકારી થવાય છે.

'ૐ નમઃ સિદ્ધં' = પ્રકૃતિરૂપે જોવાની દૃષ્ટિ.

તે કાર્યની સિદ્ધિ માટેનું પદ છે.

'ॐ નમઃ સિદ્ધં ।' એ સિદ્ધ મંત્ર છે.

અર્થ: ૐપૂર્વક સિદ્ધતત્ત્વને નમસ્કાર થાઓ.

આ મંત્રનો ગૂઢ અર્થ છે કે:

'ૐ' એ સર્વ ચૈતન્યસંગ્રાહક સામાન્ય પદ છે તથા 'સિદ્ધ' એ વિશેષ પદ છે. સામાન્ય - વિશેષાત્મક સિદ્ધ એવું ચૈતન્યતત્ત્વ છે, તેને બહુમાનપૂર્વક નમસ્કાર થાઓ. ઇષ્ટ વીતરાગપરમાત્મા છે, સિદ્ધભગવંત છે, ભાવ ઇષ્ટ પંચપરમેષ્ઠિ છે અને અનંત સિદ્ધનું ધામ એ સિદ્ધાચલ છે.

વીતરાગ પરમાત્મા અહીંયાં અનુસ્યૂત છે.

ઇષ્ટ = કામ, ક્રોધ, લોભ દોષ જેઓએ જીત્યા છે, તે. તેનું સ્મરણ, પૂજન તે કામ - ક્રોધ - લોભને જીતાવનાર છે. અહીં દોષ ઉપર વિજય પ્રાપ્ત કરનાર પરમ ઇષ્ટ છે.

'ॐ નમઃ સિદ્ધં' એ ઇષ્ટનું બહુમાન કરાવનાર મંત્ર હોવાથી સર્વ શ્રુતની આદિમાં ગ્રહણ કરાય છે.

ઉપલક્ષણથી સર્વ શ્રેયસ્કર કાર્યોના આરંભમાં તેનું સ્મરણ મંગલદાયક છે, વિઘ્નવિદારક છે, શાંતિપ્રદાયક છે.

# સિદ્ધપદ પ્રાપ્તિ યંત્ર

| ઉચ્ચારણ સ્થાન | વર્ણ કલાપંચક | ઉચ્ચારણ-કાલ કલાપંચક | ઉચ્ચારણમાત્રા પ્રમાણપંચક |
|---|---|---|---|
| નાભિકંદ | अ - હ્રસ્વ | ૧ | નાભિકંદ ગ્રન્થિ |
| હૃદય | ई - દીર્ઘ | ૨ | હૃદયદેશ ગ્રન્થિ |
| ઘંટિકા | ऌ - પ્લુત | 3 | ઘંટિકા ગ્રન્થિ |
| ભ્રૂમધ્ય | બિંદુ - સૂક્ષ્મ | ૧/૨ | બિંદુ ગ્રન્થિ |
| લલાટાગ્રથી | નાદ - અતિસૂક્ષ્મ | ૧/૨ થી ન્યૂન | અર્ધચંદ્રથી |
| બ્રહ્મરંધ્ર | | | ઉન્મના ગ્રન્થિ (સિદ્ધાલય) |

| ગ્રન્થિ-પંચક | ઉચ્ચારણકાલ કલાપંચક | વર્ણ કલાપંચક | વાચ્ય બ્રહ્મપંચક |
|---|---|---|---|
| નાભિકંદ | હ્રસ્વ | अ | ચતુર્થ અવિરત ગુણસ્થાનક |
| હૃદય | દીર્ઘ | ई | પંચમ દેશવિરતિ ગુણસ્થા. |
| ઘંટિકા (તાળુ) | પ્લુત | ऌ | છઠ્ઠું સર્વવિરતિ ગુણસ્થા. |
| બિંદુ | સૂક્ષ્મ | બિંદુ | 7મું અપ્રમત્ત ગુણસ્થા. |
| અર્ધચંદ્રથી ઉન્મના | અતિસૂક્ષ્મ | નાદ | 8-9-10-12 શ્રેણી ગુણસ્થા. |

ઉન્મનાનું વિદારણ કરીને બ્રહ્મરંધ્રમાં પરમ લય.
બ્રહ્મની અનુભૂતિ ૧૩ - ૧૪ ગુણસ્થાનકે.
પછી સદાશિવ - અનુત્તરબ્રહ્મ - સિદ્ધપદની પ્રાપ્તિ થાય.

| ઉચ્ચાવચિત્ અવસ્થા | ગુણસ્થાન |
|---|---|
| શયન | ૧ થી ૪ |
| જઘન્ય જાગરણ | ૫ મું |
| મધ્યમ જાગરણ | ૬ ઠ્ઠું |
| ઉત્તમ જાગરણ | ૭ મું |
| ઉત્તમોત્તમ જાગરણ | શ્રેણીગત - ૮ થી ૧૨ |
| તુર્ય | ૧૩ - ૧૪ |
| તુર્યાતીત | સિદ્ધપદ |

'ૐ નમઃ સિદ્ધં ।' 'નમો અરિહંતાણં ।'
'સિદ્ધં' - એ પદ કાર્યની સિદ્ધિ લઈને જ આવે છે.
'ૐ નમઃ સિદ્ધં ।' મંત્ર દ્વારા
નિર્વિકલ્પ સિદ્ધ અવસ્થાનો અનુભવ થઈ શકે છે.

## સત્યસંકલ્પ મહાવ્રતધારી સન્ત

ઉગ્ર તપસ્વી મુનિની મંત્રની સાધના અવશ્ય ફળે છે.

મંત્રશાસ્ત્રમાં 'મહામંત્ર' તેને કહેવાય છે કે જે મંત્રનું વીર્ય પ્રગટ થયું હોય. તે ત્યારે જ પ્રકટે કે જ્યારે

મંત્રશક્તિ અને પ્રભુશક્તિની એકતા

નાલિકેર આદિ યજ્ઞોમાં સિદ્ધ કરવામાં આવે. એ માટે દીર્ઘકાળ સુધી નિરંતર ભાવપૂર્વક અભ્યાસ કરવો પડે છે.

એ અભ્યાસથી મંત્રાક્ષરોમાં તાદાત્મ્ય ઉત્પન્ન થતાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે. મંત્ર તે જ છે કે જેની કર્તૃત્વશક્તિ વિષે અડગ શ્રદ્ધાવાળી પ્રતીતિ હોય.

મંત્ર જ્યાં સુધી સવિકલ્પ છે, ત્યાં સુધી શબ્દબ્રહ્મ છે.
તે નિર્વિકલ્પ થાય, ત્યારે પરબ્રહ્મ સ્વરૂપ બને છે.

મંત્રોમાં આર્થિક મહત્ત્વ ઉપરાંત શાબ્દિક મહત્ત્વ છે. બીજી ભાષામાં પરિવર્તિત કરવાથી તે જળવાતું નથી. મંત્રયોગમાં જ્યાં સુધી મંત્રજપ સાથે પ્રબળ ભાવ ન જોડાય, ત્યાં સુધી મંત્રનું ચૈતન્ય પ્રગટતું નથી.

બાર પ્રકારનાં તપમાં અનશનાદિ કાયાનું,
સ્વાધ્યાય વાણીનું અને મંત્રજાપ એ મનનું તપ છે.
મંત્રસાધનાનું મહત્ત્વ અર્થની નહીં, ભાવની દૃષ્ટિએ છે.
શાસ્ત્ર કહે છે કે ક્ષાન્ત, દાન્ત અને શાન્ત આત્માને જ
કરેલી પ્રાર્થના કે મંત્ર ફલીભૂત થાય છે.

:જાપની સફળતાના ચાર ઉપાય:

મૌન, મૈત્ર્યાદિભાવ, તત્ત્વચિંતન, ઉચિત આચારપાલન.
સાધક પ્રથમ સ્થાન, વસ્ત્ર, માળા, દિશાની શુદ્ધિ કરે.
મંત્રોમાં આસન, ધ્યાન, માળા, વસ્ત્ર આદિ જૂદા જૂદા
હોય છે, એને એ તપાસે. સાધક પ્રથમ ભૂમિશયન કરે.
સાધક પ્રથમ મિથ્યા ભાષણ, કટુ વચનનો ત્યાગ કરે તથા
સર્વ મંત્રજાપ પરોપકારદૃષ્ટિથી કરે, સ્વાર્થદૃષ્ટિથી નહીં.
મંત્રોના ઉચ્ચારશુદ્ધિ અને ઘંટાનાદથી આસુરી વૃત્તિઓ
શાંત થાય છે અને દૈવી વૃત્તિઓને બળ મળે છે.
મંત્રના વર્ણો સાધકને ચૈતન્યરૂપ બને તેમ સર્જન થયું છે
વિધિ - વિધાનોનું, જે દ્વારા સાધક મંત્રચૈતન્ય પ્રગટાવી શકે.

જપ એ મંત્રસાધનાનું એક મહત્ત્વનું અંગ છે.

મંત્રસાધના લોકોએ માળા ફેરવ્યાં, જાળ ગૂંથ્યાં અને

મન ત્રણ ભુવનમાં અટકે નથી.

જેમ સર્પ શરીરગત વિષ મંત્રથી ડંખમાં લાવ્યા પછી ત્યાંથી પ્રધાનતર મંત્રયોગાથી દૂર કરાય છે, તેમ ત્રણ ભુવનરૂપ શરીરમાંના મનરૂપ વિષને યોગ્ય વિનાવચન રૂપી મંત્રના યોગે ચરણમાં લાવીને, ત્યાંથી પણ દૂર કરે છે. ગુરુમુખે મંત્ર પવિત્ર થઈ ચિત્તની એકાગ્રતાપૂર્વક તેના મંત્રદેવતાનું મૂલાધારાદિ ચક્રમાં ધ્યાન - ધારણાદિ કરવાથી સિદ્ધ થાય છે. પવિત્ર એકાંત સ્થાનમાં જપ કરવાથી અવશ્ય સિદ્ધિ મળે છે. મંત્ર એ કોઈ સાધારણ શબ્દ માત્ર નથી. એની શક્તિ દિવ્ય છે. તે ઇષ્ટ દેવતાથી અભિન્ન છે, તેથી દેવતાનાં સ્વરૂપનું ભાન કરાવે છે.

ઇષ્ટદેવની કૃપાયાચના માટે જ મંત્ર છે.

મંત્ર જે વસ્તુનો સંકેત કરે, તેને સાધક જાણતો હોય,

તો સાધનામાં વિશેષ સરળતા થાય છે.

યોગદર્શનમાં મંત્રાર્થ ભાવનાને 'જપ' કહ્યો છે.
મંત્રજપની સાથે એના અર્થભાવની આવશ્યકતા છે.
'મંત્ર' શબ્દનો ધાતુગત અર્થ 'ગુપ્ત પરિભાષણ' થાય છે.
એવો એક પણ અક્ષર નથી, જે મંત્ર ન હોય. માત્ર
તેનો ઉપયોગ કરવાની વિધિ બરાબર જાણવી જોઈએ.

હં = આકાશબીજ   યં = વાયુબીજ
રં = અગ્નિબીજ   વં = જલ-અમૃતબીજ
લં = પૃથ્વીબીજ   ઐં = સરસ્વતીબીજ
હ્રીં = માયાબીજ   શ્રીં = લક્ષ્મીબીજ

મંત્રનો વાસ્તવિક અર્થ તો મંત્ર પ્રતિપાદિત
દેવતાનો સાક્ષાત્કાર થવાથી જ જાણવામાં આવે છે.

સર્વ શક્તિઓનું મૂળ મંત્રજપ છે.

સર્વવ્યાપક, સર્વશક્તિમાન પરબ્રહ્મની માતૃભાવથી
ઉપાસના કરવી, એને જ 'શક્તિ ઉપાસના' કહે છે.
મંત્રથી મનને ત્રાણ-મંત્રજાપ વિના મનનો નાશ થશે.
તપથી શરીરને ત્રાણ-તપ વિના આ શરીરનો નાશ થશે.

## મંત્રજપની 3 શરતો

(૧) પ્રભુનો મંત્ર જપવો, કેમકે તે પોતે મંત્રસ્વરૂપ છે.
(૨) મંત્રના જાણકારો પિતાસ્વરૂપ છે, જ્ઞાનના ભંડાર છે.
(3) નામ ચૈતન્યનું નિધાન, બ્રહ્મરૂપ, ભગવતસ્વરૂપ છે,
નામ એ વસ્તુતંત્ર છે, કર્તૃતંત્ર નહિ.

આ પ્રકારની 3 શરતોથી મંત્ર જપનારને
પરમાત્માનો સાક્ષાત્કાર થવામાં વાર લાગતી નથી.

જેમ પ્રભુનો જન્મ કે દેહ પ્રભુથી ભિન્ન નથી, પ્રભુરૂપ જ છે,
તેમ પ્રભુનું નામ પણ બ્રહ્મથી ભિન્ન નથી, બ્રહ્મરૂપ જ છે,
ધ્વનિરૂપ અવતાર છે, તેથી તે પ્રભુની જ શક્તિ છે.

મંત્રયોગમાં મંત્રના શબ્દોની પવિત્રતાનો આધાર
તે કોના કરેલાં છે, તેના ઉપર રહે છે.

આ કારણે મંત્રના પ્રથમ દ્રષ્ટા અને પ્રયોજકનો
નિઃસંશય રીતે નિર્ણય કરવામાં આવે છે.

પવિત્ર પદો પણ ગુરુમુખેથી જ લેવા જોઈએ. ગુરુ
સમયજ્ઞ - દૃઢચારિત્રી જોઈએ, જ્ઞાન - ક્રિયાસંપન્ન જોઈએ.

# પરમાત્માના નામસ્મરણનું ફળ

(૧) અર્હત્ શ્રુતજ્ઞાનનો પારગામી થાય.

(૨) તે નષ્ટાદિ - અતીતાદિનો તત્ક્ષણ જ્ઞાતા થાય.

(૩) કુષ્ઠ આદિ રોગોનો નાશ (૪) અનુપમ વાણીનો લાભ
(૫) મહાત્માઓ વડે અતિમાન (૬) પરલોકે શુભગતિગમન.

સ્મરી પરમાત્મના - ચિંતનનો પરમાત્મશક્તિ વ્યક્ત.

આત્માની જ્ઞાનશક્તિ તે જ માતૃકા અને તે જ કુંડલિની.
તેનું ઉન્મીલન કરનાર વૈખરી આદિ ચાર પ્રકારની
વાણીઓ છે. તેને ઉપચારથી 'માતૃકા' કહેવામાં આવે છે.
માતૃકા આત્માની પરમ જ્યોતિ છે, પરમ જ્ઞાનશક્તિ છે.

(૧) વૈખરી સ્પષ્ટોચ્ચારરૂપ (૨) મધ્યમા શ્રુતજ્ઞાનોપયોગરૂપ
(૩) પશ્યંતી ક્ષયોપશમ લબ્ધિરૂપ છે.

સ્મરણ - ચિન્તન અને ધ્યાન એ ત્રણેનું કાર્ય છે.
અભેદમિલનને ત્રણેનું પરમ કાર્ય કહેવામાં આવે છે.

માતૃકાને 'ત્રિખંડી' કહે છે : अ આદિ ખંડ તે ચંદ્રમંડલ,
क આદિ ખંડ તે સૂર્યમંડલ, य આદિ ખંડ તે અગ્નિમંડલ.

## શાસ્ત્રો તથા મંત્રની અરસપરસતા

શાસ્ત્રો સ્વરૂપ તરફ આંગળી ચીંધે છે,
મંત્ર સાથે રહીને સ્વરૂપનો અનુભવ કરાવે છે.
શાસ્ત્ર એ માર્ગદર્શક છે, મંત્ર એ માર્ગસાથી છે.
સ્વરૂપ એ પહોંચવાનું સ્થાન છે, જ્યાં પહોંચવા માટે
મંત્ર મિત્રની જેમ અને શાસ્ત્ર દીપકની જેમ સહાય કરે છે.
મંત્ર એ સુતેલા આત્માને જગાડે છે,
શાસ્ત્ર એ આત્માનું મહત્વ સમજાવે છે.
શાસ્ત્ર એ શાસન વડે ત્રાણ કરે છે, મંત્ર એ મનન વડે
ત્રાણ કરે છે. આમ ત્રાણ કરવાનું સામર્થ્ય બંનેમાં છે.
શાસ્ત્રનું અધ્યયન અને અધ્યાપન કરવાનું છે.
જે વડે શાસ્ત્ર આપણી બુદ્ધિનું રક્ષણ કરે છે.
મંત્રનું મનન-ચિન્તન કરવા વડે મનનું રક્ષણ કરવાનું છે.
મનને વિકલ્પરહિત બનાવવા માટે મંત્ર છે.
શાસ્ત્ર વડે બુદ્ધિ સ્થિર થાય પણ મનની ચંચળતા ન મટે.
મંત્ર વડે મનનું પણ સ્થિરત્વ પ્રાપ્ત થાય છે.

## માનસિક સાધના

સ્મરણ : રોજ રાત્રીએ સુતાં પહેલાં અને ઉઠીને તુરંત ભગવાનના સતત નામસ્મરણનો અભ્યાસ કેળવો. સ્વાધ્યાય, જપપાઠ, સત્સંગ, દેવદર્શન, એકાંતસેવન, પ્રભુપૂજન વગેરેને એકપણ દિવસ પાડ્યાં વગર કરવા, તે અત્યંત મહત્વની એવી માનસિક સાધના કહી છે.

## આધ્યાત્મિક સાધના

બ્રાહ્મમુહૂર્તમાં જાગી જવું, ૪ ઘડી સુધી બ્રહ્મધ્યાન કરવો, ધ્યાન - જપ - સ્તોત્ર - પ્રાર્થના અને કીર્તન કરવા. એક આસને વધુ વખત બેસવાનો અભ્યાસ કેળવો. સંધ્યાવંદન, પૂજા, નિત્યકર્મ અને ઇષ્ટમંત્રનું સ્મરણ કરો. મંત્રનું લેખન કરવું, ૦ - ૦॥ કલાક રોજ રાત્રે સ્વજનો સાથે બેસીને ધર્મકથા અને તત્વચિન્તન જરૂર કરો. આત્મસાધનામાં નિયમિતતા, દૃઢતા અને તત્પરતા વધારો. રોજબરોજની નોંધપોથી રાખો. સ્વત્રુટિઓને સુધારતા રહો. પ્રતિમાસ, પ્રતિવર્ષ - નવા નવા સંકલ્પોનો ઉમેરો કરો.

મન = પતંગ, પ્રભુ = દોરી અને મંત્ર એ ચરખી છે.

મંત્રરૂપી ચરખી દિન-રાત ઘુમાવવાથી પ્રભુરૂપી
દોરીથી બંધાયેલો મનરૂપ પતંગ આત્માને વશ રહે છે.
મંત્ર ગણવાનું મૂળ કારણ શું? મંત્ર મનન માટે હોય.
શબ્દ થોડાં અને અર્થ ઘણો લાંબો હોય છે, તેથી
મનને મનનમાં લઈ જવા માટે મંત્ર જ મદદ કરે છે.

એક મંત્ર ઉપનયનાદિ વિધિનો હોય છે,
બીજો મંત્ર સકામ કર્મનો હોય છે.
સકામકર્મ બે પ્રકારે: એક મારણમારણાદિ અશુભ,
બીજા વ્યક્તિગત અને સામૂહિક સત્કામના.

એક ત્રીજા પ્રકારનો મંત્ર પરમાત્મલાભ માટે પણ હોય.
એક ભક્તોએ કલ્પેલા રામ - કૃષ્ણ - હરિ આમ વ્યાપક
નામો અને બીજા પ્રણવ આદિ વેદમંત્રો બતાવ્યાં છે.
જે બીજા મંત્રો હોય છે, તેનો કેવળ જપ નહિ પણ
સાથે સતત તેના અર્થનું ચિંતન પણ કરવાનું હોય છે.
આવા મંત્રો શીઘ્રપણે આત્મલાભ કરાવનારા થાય છે.

## મંત્રસિદ્ધિ એટલે...

મંત્રશક્તિની સાથે સાધકની શક્તિનું તાદાત્મ્ય.
તાદાત્મ્યનો અર્થ છે કે: વેધ, વેધક અને વિધાની
અથવા તો સાધક, મંત્ર અને દેવતાની એકરૂપતા.
શબ્દ એ નામમય અને રૂપ એ ભાવમય છે.
નામની સાથે રૂપ અને રૂપની સાથે નામ જોડાયેલું છે.
તે જોડે જે સાધના થાય, તે 'મંત્રયોગ' કહેવાય છે.
મંત્રનું ઉચ્ચારણ ભાષાવર્ગણાથી થાય છે.
ભાષાવર્ગણા, શ્વાસોચ્છ્વાસવર્ગણા સાથે સંબંધ ધરાવે છે,
શ્વાસોચ્છ્વાસ વર્ગણા મનોવર્ગણા સાથે અને
મનોવર્ગણા કર્મવર્ગણા સાથે સંબંધ ધરાવે છે.
ઉત્તમ મંત્રની અસર ચારે વર્ગણા ઉપર પડે છે અને
આત્મા સાથેના કર્મવર્ગણાના સંબંધને
તે સદા શુદ્ધ તથા શુભ કરે છે.
મંત્રજાપમાં ભાષા અને શ્વાસોચ્છ્વાસના આલંબને
સત્ત્વગુણપ્રધાન મન રુઢ પટીયાય છે.

પ્રણવ અને નમઃ । પૂર્વે દેવતાના નામનું સ્મરણ
મંત્રરૂપ બનીને જ્ઞાન - રક્ષણનું કાર્ય એકી સાથે કરે છે.
પ્રણવાદિ મંત્ર દ્વારા પરબ્રહ્મનું ધ્યાન સુલભ બને છે.
મંત્રરૂપાણ શક્તિ વડે સર્વ પદાર્થોનું સમ્યગ્જ્ઞાન
અને તે દ્વારા આ સંસારસાગરથી ત્રાણ થાય છે.
મંત્રનું મનન આત્મજ્ઞાનનું સાક્ષાત્ કારણ બને છે.
અનાદિનિધન એવો આત્મા દેહમાં રહેલો હોવા છતાં
અન્ય જ્ઞાનથી ગમ્ય થતો નથી, પરન્તુ
તે મંત્રના મનન વડે થતાં જ્ઞાનથી પ્રત્યક્ષ દેખાય છે.

શાસ્ત્રો કથન કરે છે કે:

શબ્દબ્રહ્મ કે મંત્રના મનનમાં જે નિષ્ણાત બને છે,
તે પરબ્રહ્મને મેળવે છે. શબ્દનું યથાર્થ જ્ઞાન થયાં બાદ
શબ્દપ્રપંચના નિરસનપૂર્વક તેના અર્થનો અધિગમ થાય છે.
શબ્દબ્રહ્મ સગુણ છે, પરબ્રહ્મ નિર્ગુણ છે.
શબ્દબ્રહ્મ ઉપાયરૂપ છે, પરબ્રહ્મ ઉપેયરૂપ છે.
પ્રણવવાચ્યબ્રહ્મના અનુસંધાનથી નિર્વિશેષ બ્રહ્મજ્ઞાન પ્રકટે.

## <u>વિધિવિધાનો શા માટે?</u>

મંત્રવડે સાધકને ચૈતન્યરૂપ બને, એટલે વિધિવિધાનો
સર્જાયા, જો ખરા સાધક મંત્રચૈતન્યથી સ્વ 'ઓજસ'ને
એટલે કે પ્રેમ અને વાત્સલ્યભાવથી પ્રગટતું તથા
શાંતિને આપતું એક પ્રકારનું દ્રવ્ય પ્રગટાવી શકે છે.

<u>ઇષ્ટદેવના મંત્રને રોજ યાદ કરો.</u>

પોતાના ચૈતન્યનું મનન, સંકોચ વડે થયેલા લયથી રક્ષણ અને
સંકલ્પ-વિકલ્પને શમાવી આપે, તે 'મંત્ર' શબ્દનો અર્થ છે.
<u>જો મનમાં શાસ્ત્ર અને મંત્રનો સ્વાધ્યાય આવ્યો, તો</u>
<u>કોઈની મગદૂર નથી કે તમને પોતાના ગુલામ બનાવી શકે!</u>

o

મંત્ર = magic formulae composed of the syllables representing the Cosmic elements that is the products of the differentiation of પરાવાક્.

શક્તિ = Kundalini Yoga.

મંત્રસિદ્ધિના મુખ્ય પાંચ અંગોના નામ અનુક્રમે
ઋષિ, છંદ, દેવતા, બીજ અને શક્તિ છે.
મંત્રસિદ્ધિના મુખ્ય પાંચ અંગોના જ્ઞાન અને પાલનથી
મંત્રની સિદ્ધિમાં કોઈ સંદેહ રહેતો નથી.
કોઈ બીજ અને શક્તિ ઉપરાંત
ગુરૂ અને મુહૂર્ત પણ કહે છે.
દેવતા: સર્વ મંત્રના સ્વરૂપને 'દેવતા' કહેવાય છે.
દરેક મંત્રના અધિષ્ઠાતા એ દેવતા ગણાય છે.
દેવતા એક પ્રતિકરૂપ છે, જેની સહાયથી સાધક પોતામાં
તે શક્તિનો આવિર્ભાવ કે તે શક્તિનું ઉદ્દીપન કરે છે.

મંત્રશાસ્ત્રમાં સમાધિ

ભાવસમાધિ = ઇષ્ટના સ્વરૂપમાં પોતાની જાતનું વિલીનીકરણ.

મંત્રશાસ્ત્રમાં દિવ્યદેશ

મૂર્ધાસ્થાન, હૃદયસ્થાન, નાભિસ્થાન, ઘટ - પટ આદિ
પાષાણાદિની મૂર્તિ, યંત્રાદિ ૧૬ પ્રકારના સ્થાનોમાં પીઠ
બનાવવાને જે મૂળાદિ ધામ, તેને 'દિવ્યદેશ' કહે છે.

મંત્રની ઉત્પત્તિમાં નાદ પ્રથમ છે,
બિન્દુ પછી છે અને ત્રિબિન્દુ છેવટે છે.
ત્રિબિંદુને કામકલા પણ કહે છે.
માતૃકાચક્ર ચોથું સ્થાન છે. અંતિમ ભાગ સ્થૂલ શબ્દ છે.
તે મંત્રના વર્ણ - પદ - વાક્યસ્વરૂપ છે.
અંતરાત્મા નાદરૂપથી શબ્દ કરે છે. ભવભાવમાં પ્રાણવાયુથી
ગતિશીલ થઈને અંતરાત્મા વર્ણનું રૂપ ધારણ કરે છે.
નાદાન્ત (મહાનાદ) તથા નિરોધિકા
એ બધી નાદની જ અવસ્થાવિશેષ છે.
સમસ્ત બીજમંત્રોમાં નાદ અને બિન્દુ રહેલાં છે.
સમની એ ઉચ્ચારણ કલા છે. 'મનઃસહિતાત્ ।'
તેના પછીની ઉન્મની 'તદ્રહિતા' મનરહિત છે.
શબ્દ અને અર્થની ઉત્પત્તિનું કારણ શબ્દબ્રહ્મ છે.
ચૈતન્યસ્વરૂપ પરમાત્મા સક્રિય-નિષ્ક્રિય ઉભયરૂપ છે.
શિવરૂપ નિષ્ક્રિય અને શક્તિસ્વરૂપ સક્રિય છે.
પરમ પદાર્થ તર્કથી અગોચર છે, વાણીથી અનિર્વચનીય છે.

બધા કર્મોનું નિરાકરણ એક જ મંત્રથી કરવું હોય,
તો તેના માટે એક અદ્ભુત મંત્ર છે:

'ॐ अर्हं नमः इति सच्चिदानंदघन
नादबिन्दुकलाज्योतिःस्वरूपाय नमो नमः।' - વર્ષ ૩૨

* આત્મા એમ સત્ - ચિત્ - આનંદસ્વરૂપ છે,
તેમ સ્વરાટ અને સમ્રાટ પણ છે.
'સ્વરાટ' એટલે સ્વતંત્ર અને
'સમ્રાટ' એટલે સર્વતંત્ર.

સ્વતંત્ર = પોતે પોતા સિવાય બીજા કોઈને આધીન નહિ.
સર્વતંત્ર = સર્વ ઉપર પોતાનું આધિપત્ય છે.

એ રીતે પાંચ ગુણવાળો આત્મા હોવાથી
આત્મા સચ્ચિદાનંદઘન અર્થાત્
નાદ - બિન્દુ - કલા અને જ્યોતિઃ સ્વરૂપ પણ છે.
નાદ - બિન્દુ - કલા એ સ્વતંત્રતાનાં પ્રતીક છે અને
જ્યોતિ એ સર્વતંત્રતાનું ચિહ્ન છે.
એ માટે સંપૂર્ણ મંત્ર ઉપર મુજબ બન્યો.

મંત્રસાધનામાં દ્રવ્યક્રિયા કરતાં પહેલાં ભાવક્રિયા હંમેશા કરવાની હોય છે, એટલે તેને 'અઘમર્ષણ' કહે છે.

સૂરિમંત્રમાં પણ અઘમર્ષણ દર્શાવ્યું છે.

નમસ્કારમંત્રનો જાપ કરવા પહેલાં પણ આધ્યાત્મિક શુદ્ધિ અનિવાર્ય છે, તે માટે કષાયનિવારણના ૬૪ પ્રકાર દર્શાવ્યા છે, તે પણ એક પ્રકારનું અઘમર્ષણ જ છે. ૨૪ મહાવિદ્યાની સિદ્ધિ મેળવવા માટે જે જાપના પ્રયોગો હોય, તે દ્રવ્યવિધાન અને તેના પૂર્વસેવા-પ્રાગ્ભૂમિકા માટે કષાયનિવારણના પ્રયોગ તે ભાવવિધાન સમજાય છે.

'દીપ્ત', 'બુદ્ધ-જાગ્રત' 'પાવન' મંત્રો એટલે શું?

આભ્યંતર પરિકર નાદ - બિંદુ - કલા સહિત હોય છે.

એવા મંત્રને 'દીપ્ત' કહે છે.

નાદ - બિંદુ - કલા એ મંત્રના ઉદ્દીપક છે.

મૂલાધારથી ક્રમશઃ ઊર્ધ્વગમન કરનાર મંત્રજાપને 'બુદ્ધ - જાગ્રત' કહેવાય છે. ધ્યાન દ્વારા કર્મમલનો નાશ કરનાર હોવાથી તેને 'પાવન' મંત્ર કહેવાય છે.

## મંત્રના ચાર અર્થનાં નામ

મંત્રના અર્થ ચાર અથવા સાત પ્રકારનાં હોય છે.
(૧) પ્રકટ અર્થ (૨) ગુપ્ત અર્થ - ગુપ્તતર અર્થ
(૩) સંપ્રદાયાર્થ - કુલાર્થ (૪) રહસ્યાર્થ - નિગર્ભાર્થ.

## લૌકિક મંત્રો

જે મંત્રો શાંતિપુષ્ટિ, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તંભન, મોહન, ધનલાભ, રોગ નિવારણાદિ માટે હોય તે.

## લોકોત્તર મંત્રો

જે મંત્રો આત્મવિશુદ્ધિ, કર્મમુક્તિ આદિ માટે હોય તે. લોકોત્તરમંત્રથી શાંતિપુષ્ટ્યાદિ થાય પણ તે ગૌણ છે. જે મંત્રના રચનાકાર લોકોત્તર હોય, તે મંત્ર પણ લોકોત્તર છે. મંત્રયોજકોની શક્તિ પણ મંત્રમાં ઉતરે છે.

## મંત્રયોગમાં 'મહાલય સમાધિ' એટલે...

ઇષ્ટના સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં પોતાની જાતને ભૂલી જવાય જે એક અવસ્થા ઉત્પન્ન થાય છે, તેને 'મહાલયસમાધિ' કે 'મંત્રયોગ સમાધિ' છે.

મંત્ર એટલે મનન કરવા યોગ્ય હોય તે.

મંત્ર એટલે જેના મનનથી આત્માનું ભયથી રક્ષણ થાય.

મંત્ર એટલે ગુપ્ત ભાષણ - ગુપ્તપણે અપાય તે અને

મંત્ર એટલે દેવાધિષ્ઠિત શબ્દરચના.

મનન એટલે શબ્દનું રટણ અથવા અર્થનું ચિંતન.

મંત્રના દેવતાના સ્વરૂપનું ચિન્તન કરવું અને છેવટે
તેમાં તદાકાર થઈ જવું, એ અર્થભાવનાનું રહસ્ય છે,
તેથી મંત્રચૈતન્ય પ્રકટી મંત્રસિદ્ધિને સમીપ લાવે છે.

મંત્રનું રહસ્ય શાસ્ત્રથી નહીં પણ ગુરૂથી પ્રાપ્ત થાય છે
તથા ગુરૂને એ રહસ્ય પરંપરાગત પ્રાપ્ત થયેલું હોય છે.

દેવાધિષ્ઠિત વર્ણરચના રૂપ મંત્રનું વિશિષ્ટ
સંયોજન એક પ્રકારની શક્તિ ઉત્પન્ન કરે છે.

સાત્ત્વિક મંત્રો આત્મશુદ્ધિ કરનારા છે,
રાજસિક મંત્રો ભોગૈશ્વર્ય દાતા છે તથા
સ્તંભન - ઉચ્ચાટન કરનારા તામસિક મંત્રો
શરીર અને મન ઉપર ખરાબ અસર કરે છે.

## મંત્રના કેટલાં અક્ષર હોય ?

બીજમંત્ર = ૯ અક્ષર સુધી હોય છે,
મંત્ર = ૧૦ થી ૨૦ અક્ષર સુધી હોય છે અને
માલામંત્ર = ૨૦ થી વધારે સંખ્યાવાળા હોય છે.
પૌરાણિક, શાબર, પ્રકીર્ણ મંત્રો પણ હોય છે.

નિગમ = વેદ અને આગમ = તંત્ર. આગમ એટલે આપણા ગુરુમુખથી નીકળેલ - શિષ્યપરંપરાથી આવેલ.

## મંત્રયોગનું મુખ્ય લક્ષ્ય છે...

મહાબોધિ સમાધિ અર્થાત્ પરમાત્માના ભવ્યગ્રાણ સ્વરૂપમાં ચિત્તવૃત્તિઓનો સંપૂર્ણ લય.

સ્વાધ્યાય = મંત્રનો વિધિપૂર્વક જપ. યોગ = ધ્યાન.
જપ, ધ્યાન અને સમાધિ - એ મંત્રયોગનાં અંગો છે.

જેને મંત્ર, મંત્રદેવતા અને ગુરુ ઉપર શ્રદ્ધા નહિ, તેને કોઈરીતે પણ સિદ્ધિ મળતી નહિ.
જ્યાં શ્રદ્ધા - ત્યાં સિદ્ધિ, તેથી સૌ પ્રથમ શ્રદ્ધાનું આલંબન ગ્રહણ કરવું જોઈએ.

'મંત્ર' શબ્દ મન્ ધાતુ અને ત્રૈધાતુના યોગથી બન્યો છે.
જેના મનન, ચિન્તન, ધ્યાન દ્વારા દુ:ખની નિવૃત્તિ થઈ
પરમાનંદની પ્રાપ્તિ થાય, તેનું નામ 'મંત્ર' છે.
મંત્રના ત્રણ પ્રકાર છે: વૈદિક, પૌરાણિક અને તાંત્રિક.
મંત્રના ત્રણ પ્રકારોમાં ત્રણ તત્ત્વ નિહિત છે:

(૧) પ્રણવ = સંબોધન.

વ્યાહૃતિ, પરમતત્ત્વની નિકટ આવવું.

(૨) બીજ = વિશિષ્ટતા.

પરમતત્ત્વનું દર્શન કરવું અથવા ઉપલબ્ધ કરવું.

(3) દેવતા = દ્રાવણ.

મંત્રજાપનું માહાત્મ્ય

જાપ એ મંત્રદેવતા સાથેનો આપણો વાર્તાલાપ છે.
તે વખતે બીજી વાત કે વિચાર થાય,
તો મંત્રદેવતા પ્રત્યે બેદરકારીનો વ્યાઘાત થાય.
'મંત્ર' એટલે મંત્રણા - ગુહ્ય ભાષણ - આમંત્રણા.
મંત્રથી મન, શ્રુતિથી આત્મા, ગુરૂથી બુદ્ધિ નિર્મળ થાય.

## મંત્રના ૪ પ્રકાર

મંત્રજાપ એ તેમની ઉપાસના છે.

સર્વેઽપિ સન્તુ સુખિનઃ । એ જપમંત્ર છે.

સર્વેઽપિ સન્તુ નિરામયાઃ । એ ધ્યાનમંત્ર છે.

સર્વે ભદ્રાણિ પશ્યન્તુ । એ શુભેચ્છામંત્ર છે.

મા કશ્ચિદ્ દુઃખભાગ્ભવેત્ । એ પ્રાર્થનામંત્ર છે.

સર્વ શાસ્ત્રોનું મૂળ મંત્રજાપ છે.

જાપ એ પૂર્વક્રિયા છે, ધ્યાન એ ઉત્તરક્રિયા છે.

નામજપથી મોટો કોઈ ધર્મ નથી, પરંતુ પ્રભુનું નામ ચોવીસે કલાક રટાતું નથી એટલે જ આપણી પ્રભુપ્રીતિ ઓછી પડે છે, એટલે જ બાહ્ય કર્તવ્યોના વિધાન છે.

નામના ઉચ્ચારે આફતો નામા સમાઈ જાય છે.

ભગવાનનું નામ રટવા માત્રથી જ સમસ્ત પરમાત્માને પહોંચવાનું અને ધ્યાન ધરવાનું ફળ મળે છે.

‘આત્મા એક સ્વરૂપ છે’

એવી ભાવના રાખી મંત્રજાપ જપવાથી લાભ મળે છે.

શ્રી જિનરાજના નામનો મંત્રપ્રયોગ છ પ્રકારે થાય:

(૧) મારણ = કર્મશત્રુનું.

આઠ મહાકર્મને મારવા માટે મારણ છે.

(૨) મોહન = અનુભવજ્ઞાનનું.

અનુભવ જ્ઞાનને મોહિત કરવા માટે મોહન છે.

(૩) ઉચ્ચાટન = વિષય - કષાયનું.

વિષય - કષાયાદિ દોષો માટે ઉચ્ચાટન છે.

(૪) આકર્ષણ = આત્મઋદ્ધિનું (ઋદ્ધિ - સિદ્ધિનું)

નિજ આત્માની અપાર ઋદ્ધિનું આકર્ષણ છે.

(૫) સ્તંભન = કુમાર્ગનું.

મનને કુમાર્ગે જતાં રોકવા માટે સ્તંભન છે.

(૬) વશીકરણ = શિવવધૂનું.

શિવવધૂને વશ કરવા માટે ઉદાર વશીકરણ છે.

શ્રી નવકાર મંત્ર આઠ કર્મને હરનાર છે,
સર્વ મંત્રોમાં સાર છે. વિશ્વના સૌ અરિષ્ટ કટે છે:
શ્રી જિનરાજનું નામ એ સર્વ મંત્રોનો સાર છે.

## મંત્રસિદ્ધિ માટે શું કરવું ?

નિત્ય ઓછામાં ઓછા ત્રણથી ચાર કલાક રોજેરોજ જાપ માટે કાઢવા જોઈએ, દશાંશ હોમ પણ કહ્યો છે. મંત્રના અક્ષરો જ્યોતિર્મય દેખાય અને ચિત્તવૃત્તિનો તેમાં લય થાય, ત્યારે મંત્રસિદ્ધિ નજીક ગણાય છે. નામ વડે નાદ - નિર્વાણ - ઈચ્છામાત્રનું વિસર્જન - નિર્વિકલ્પતા - વીતરાગતા તથા આકૃતિ વડે રૂપ - જ્યોતિ - સ્વસંવેદનતા, અલખ - અગોચરરૂપતા, સ્વવશતા સધાય છે. નામ અને રૂપનો લય થાય, ત્યારે મંત્રસિદ્ધિ થાય છે. નામ જ્યારે નાદમાં અને રૂપ જ્યારે જ્યોતિમાં વિલીન થાય છે, તે વખતે અહં અને મમનું વિસર્જન થાય છે અને તેના સ્થાને દયા અને ક્ષમાનો ગુણ પ્રકટે છે. ધર્મ મંગલ છે. તે શ્રુતરૂપ તથા ચારિત્રરૂપ બે પ્રકારે છે. શ્રુતધર્મ નામ - નાદરૂપ છે, ચારિત્રધર્મ રૂપ - જ્યોતિસ્વરૂપ છે. આત્મૌપમ્યભાવ શ્રુતધર્મથી જાગે છે તથા તે દયારૂપ છે, ઔદાર્ય ચારિત્રધર્મથી જાગે છે અને તે ક્ષમારૂપ છે.

## સુમુનિ નિર્મિત મંત્રવાદ

ઉત્તમ મુનિઓ કે જેઓ ધ્યાની, યોગી, તપસ્વી અને પવિત્ર વાક્યયુક્ત ઉત્કૃષ્ટ સંકલ્પવાળા હોય, તેમના મુખમાંથી શબ્દોની રચના મંત્રસ્વરૂપ બની જાય છે. તેઓ પોતાના હૃદયમાં જે સંકલ્પોને ધારણા કરે છે, તે બરોબર ફળે છે. એ રીતે દેવતાશ્રિત મંત્રવાદ અને મંત્રાત્મક દેવતાવાદ પણ પોતાનું અલિખિત કાર્ય કરે છે. ઉત્તમ મુનિઓના સત્ય સંકલ્પ અને ઉત્કૃષ્ટ તપના કારણે જ મંત્રો ફળે છે, તેમ જે દેવોને ઉદ્દેશીને મંત્ર હોય, તેનું ફળ તે તે દેવો તરફથી મળે છે.

## મંત્રાક્ષરો ક્યારે અવશ્ય ફળે ?

મંત્રના અક્ષરો પણ વિધિયુક્ત ધ્યાનના બળે અભેદપ્રણિધાન થાય, ત્યારે અવશ્ય ફળે છે.

મંત્ર ત્યારે જ સિદ્ધ થાય,
જ્યારે તેનો માનસિક જપ દિવ્યભાવની સાથે
સુષુમ્ણા નાડીના માર્ગમાં કરવામાં આવે છે.

૫ લાખ વાર લખવાથી ગમે તે મંત્ર સિદ્ધ થઈ જાય છે.

ભગવાનનું નામ વિઘ્નોને પાર કરવાનું સમર્થ સાધન છે,
તેમાં ખર્ચ કોડીનો નહિ અને લાભ લાખોનો છે.
બીજમંત્રમાં ઉચ્ચારની ભૂલ ન ચાલે, નામમંત્રમાં તેમ
નહિ, તેથી સંતપુરુષો તેનો જ વિશિષ્ટ પ્રચાર કરે છે.
સ્મરણ - કીર્તન અનિવાર્ય છે.
રામનામનું કીર્તન સીતાજીના નામની
સાથે કરવાથી જેમ વધુ લાભ છે, તેમ 'નમો' પદ સાથે
અરિહંતાદિ પરમેષ્ઠિઓનું નામ લેવું વધુ લાભદાયી છે.
રામનામ મોક્ષસાધક છે, ભક્તિ અને જ્ઞાનને આપનારૂં
તથા ભવસાગર તરવા માટે નૌકા સ્વરૂપ છે.
જેના રોમરોમમાં પ્રભુના નામનું રટણ થઈ રહ્યું છે,
તેને આ જગતમાં કાંઈ પણ દુર્લભ નહિ.
નામથી સ્વયં રામ પ્રાપ્ત થઈ પરમ પદ મળે છે.
ગુરૂ અને મંત્રને વારંવાર બદલવા નહિ.
જપ માટે શ્રદ્ધા અને ધૈર્યને ધારણ કરવાની જરૂર છે.

'મંત્રોપચાર'માં કહ્યું છે કે:

મંત્રોમાં ઉત્કૃષ્ટ વિચારોનું જે ભંડોળ હોય છે,
તે પોતાનો જપ કરનારની રક્ષા કરે છે,
અભિગ્રાતાદિ મંત્રના અર્થ ઉપર વિચાર કરતાં
જપ કરનારના સમસ્ત મનોરથો પૂર્ણ થાય છે અને
ઇષ્ટદેવ દર્શન આપે છે. તુલસીદાસજી પણ કહે છે કે:
'પરમાત્માનું નામ લેતાં દશે દિશામાં મંગળ પ્રવર્તે છે.'

અંતરાત્મસંવિત્તિ એટલે અંતરાત્મભાવનું સંવેદન.
અંતરાત્મભાવનું સંવેદન અર્થાત્ મંત્રચૈતન્યની જાગૃતિ.
મંત્રચૈતન્યની જાગૃતિ એટલે મંત્રના વાચ્યદેવતાનું
મન - વચન - કર્મ વડે સતત સ્મરણ કરવાથી થાય છે.

મહર્ષિઓની વાણીનો પ્રત્યેક શબ્દ
મંત્રભંડોળરૂપ હોય છે, તેમાં પાપનાશ અને
મંગલકારકતાની અગાધ શક્તિ રહેલી હોય છે.
શ્રદ્ધા - જ્ઞાન - ક્રિયાની ત્રિપુટીથી જ મંત્રસિદ્ધિ થાય.
કર્મ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય, તે મંત્ર પદવાચ્ય છે.

મંત્રના ૧૦ સંસ્કારથી મંત્ર અવશ્ય સિદ્ધ થાય છે:

(૧) જનન - માતૃકાથી મંત્રનો ઉદ્ધાર.

(૨) જપન - પ્રણવયુક્ત તે જપન.

(૩) તાડન - મંત્રાક્ષર લખી તેને ચંદનજલથી ન છાંટવો.

(૪) બોધન (૫) અભિષેક (૬) વિમલીકરણ

(૭) આપ્યાયન (૮) તર્પણ (૯) દીપન (૧૦) ગુપ્તિ.

વિદ્યા અને મંત્રોમાં સામર્થ્ય અને સમ્યક્ત્વથી પણ અધિક ફલ આપવાની શક્તિ છે.

આઠે સિદ્ધિ અને નવે નિધિ તેમાં સમાયેલા છે.

વિદ્યાને મંત્ર સ્વરૂપિણી અક્ષરાત્મિકા સમજવા, કેવલ ભાવાત્મિકા નહિ. વિદ્યા અને મંત્રનો પ્રભાવ અચિન્ત્ય છે.

વિદ્યા અને મંત્રનો મુખ્ય ઉદ્દેશ કર્મનિર્જરાનો છે.

સૂરિમંત્રનો ફલાદેશ પણ કર્મનિર્જરા છે.

ભયાપહારક, રોગોપશામક, વિજયાદિપ્રાપક અને મનઃકામનાપ્રદાયક મંત્રોનું મુખ્ય ધ્યેય પણ મોક્ષમાર્ગના પ્રત્યેક વિઘ્નો દૂર કરવાનું હોય છે.

મનુષ્યની અંદર તેના સમગ્ર જગતને તેમાં
નામ અને રૂપને મિટાવી દેતી જે ચેતના અવતરે છે,
એ વિષે ગોરખનાથની વાણી છે કે:
'ગગનમંડળમાંથી ઝાલક જોતિ, તાકા નામ ધરોગે કૈસા?'
મંત્રનો પ્રવાહ જેમ જેમ અભ્યંતર ગતિ કરે છે,
તેમ તેમ આ મહાશક્તિનો પરિચય થતો જાય છે.
તેને પ્રાપ્ત કરવામાં ઘણું એક વિરોધાભાસ રહેલ છે:
જેમજેમ તેને મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે,
તેમ તેમ તે મહાશક્તિ દૂર નાસી જાય છે.

નાદશ્રવણ શેના માટે છે?

રાગ - દ્વેષ - મોહનો વિલય થવો,
એ આત્મલાભ અને તે મંત્રચૈતન્યનું ફળ છે.
મંત્રચૈતન્ય પ્રગટાવવા માટે નાદશ્રવણ છે.
નાદની સૂક્ષ્મતા બિન્દુ - તેની ઘણી સૂક્ષ્મતા તે કળા છે.
શ્રુતિ તે નાદ, સ્મૃતિ તે મધ્યમા, તન્મયતા તે પશ્યંતિ.
તેમાંથી જે પરાવાણી પ્રગટે છે, તે સિદ્ધિ છે.

એક જ શબ્દ જ્યારે જ્ઞાન - ધ્યાનથી શુદ્ધ કરાય,
ત્યારે તે મંત્રપદથી પણ અધિક ફલપ્રદ બને છે.

મંત્રમાં અચિંત્ય શક્તિ રહેલી છે, તે તર્કનો વિષય નથી.
નિયત કાર્ય-કારણભાવનો વ્યવહાર પણ ત્યાં ન ઘટે.
એક જ મંત્ર સર્વ અપેક્ષિત કાર્યોને સાધી શકે છે,
આપ્તવચન તેમાં પ્રમાણ છે.
આપ્તત્વનો નિશ્ચય તે જ વિશ્વાસનું બીજ છે.
મંત્રનું પ્રામાણ્ય તર્કથી નહીં પણ શ્રદ્ધાથી ગ્રાહ્ય છે.
મંત્રદાતા અને મંત્રના સ્રષ્ટા બંને
વીતરાગ અને સર્વજ્ઞ હોવાથી આપ્ત અને શ્રદ્ધેય છે.
મંત્રપદોમાં અચિન્ત્ય શક્તિ છે, કારણ કે
તેનો સંબંધ તીર્થંકર - ગણધર આદિના વચનો સાથે છે.
જ્ઞાન અને ધ્યાન વડે મંત્રપદ શુદ્ધ કરવામાં આવે છે.
અજ્ઞાનરૂપી તમોગુણનો નાશ જ્ઞાન વડે થાય છે અને
ચંચળતારૂપી રજોગુણનો નાશ ધ્યાન વડે થાય છે.
સાત્ત્વિક ભાવની પ્રાપ્તિ એજ મંત્રપદની શુદ્ધિ ગણાય છે.

## મંત્રશાસ્ત્રમાં દિગ્દૃષ્ટિ

મૂર્ધાસ્થાન, હૃદયસ્થાન, નાભિસ્થાન,
ઘટ - પટ આદિ પાષાણાદિની મૂર્તિ,
યંત્રાદિ ૧૬ પ્રકારના સ્થાનોમાં પીઠ બનાવીને
જે પૂજાદિ થાય, તેને 'દિગ્દૃષ્ટિ' કહે છે.

## પ્રત્યેક મંત્રના 3 વિભાગ

પ્રત્યેક મંત્રમાં પ્રકૃતિ - આકૃતિ - ધ્વનિ હોય છે.
મંત્રના ઉચ્ચારણથી મનમાં તેના પ્રકૃતિનું ચિત્રણ થાય તે
તેના પરની ભાવના પ્રકટ થવા લાગે છે, એથી મંત્ર
શક્તિસંપન્ન બની મંત્રપ્રયોક્તાનું કાર્ય નિષ્પન્ન થાય છે.

મૌનપૂર્વક જાપ કરવાના અનેક લાભ
શાસ્ત્રમાં કહ્યાં છે, તેમાં આઠ મુખ્ય છેઃ

(૧) સ્વાર્થસિદ્ધિની પ્રાપ્તિ થાય.
(૨) દેવ - ગુરુ - ધર્મની આશાતનાથી બચાય.
(3) વચનથી થતાં કર્મબંધનો બચાવ થાય.
(૪) જ્ઞાનની આશાતનાથી બચાય.

સંકલ્પમય સામાયિક સૂત્રમાં મંત્રાત્મક શબ્દરચના છે.
મંત્રની કુંચી શબ્દની સાથે ભાવનામાં રહેલી છે.
ભાવનાયુક્ત શબ્દપ્રયોગ એ સમ્યક્પ્રયોગ છે,
તેમાં સૌ પ્રથમ ભગવાનની સ્મૃતિ અને
અન્યની સાક્ષીએ પ્રતિજ્ઞા કરાય છે કે:
'હું સાવદ્ય - પાપકારી પ્રવૃત્તિઓનું પ્રત્યાખ્યાન કરું છું.'
એ રીતે સમતામાં પ્રવેશ કરવાપૂર્વક
આનંદનો અનુભવ જ્યારે પ્રકૃતિને પ્રાપ્ત થાય છે,
ત્યારે ધર્મપૂર્ણતા બને છે, એ જ છે સિદ્ધિ યા મુક્તિ.

## સ્થૂલ અને સૂક્ષ્મ ધ્વનિનું વિજ્ઞાન

મંત્રનું ઉચ્ચારણ જેટલું સૂક્ષ્મ, તેટલી શક્તિ વધારે.
પાંદડાના ખડખડાટ કરતાં કસીનો અવાજ, તેનાથી વધુ
ઘડિયાળના ટકટકનો, તેથી ય વધારે ટાઈપનો ખડખડાટ
સ્થૂલ છે અને સૌથી વધારે જેટ વિમાનનો ઘોંઘાટ.
ઘડીના ટક ટક અવાજથી ભીંતમાં વ્યાઘાત થાય છે,
તેથી વધારે સૂક્ષ્મ ધ્વનિથી થતો નથી.

## મંત્રજાપની વિધિ

મંત્ર કે ઈશ્વરના નામનો પ્રત્યેક અક્ષર ચિન્મય છે, તેથી પ્રથમથી જ નામને ચિન્મય, અચિન્ત્ય શક્તિસંપન્ન તથા ભગવત્સ્વરૂપથી અભિન્ન માનીને સાધના કરવી જોઈએ. કંચનની જેવો પ્યાર નામ ઉપર અને કામીને કામિની ઉપરના જેવો લોભ રૂપ ઉપર સ્થિર કરવો જોઈએ. નામજપનું આશ્ચર્યજનક ફળ દીર્ઘકાળના નિરંતર સાધનથી શુદ્ધ થયેલા અંતઃકરણમાં પ્રતિભાસિત થતો હોય છે. હૃદય અને બુદ્ધિ સ્વચ્છ થયાં પછી જ નામમાં રહેલ અચિન્ત્ય ભાવસંપત્તિનો આસ્વાદ જાણી શકાતો હોય છે.

નામમાં અક્ષરબુદ્ધિ રાખવી, એ મોટો અપરાધ છે.

નામ એ પદસ્વરૂપ, પદ એ ભાવસ્વરૂપ અને ભાવ એ આત્મસ્વરૂપ છે.

આત્મસ્વરૂપ પરમાત્મસ્વરૂપ કથંચિત્ અભિન્ન છે, તેથી નામસ્મરણ, ચિન્તન અને નિદિધ્યાસન દરેક સાધકનું અભિષ્ટ બનવું જોઈએ.

અહીં સત્યસંકલ્પ : (1) સુમુનિ નિર્મિત મંત્રવાદ
(2) દેવતાધિષ્ઠિત મંત્રવાદ (3) મંત્રાત્મક દેવતાવાદ.
મંત્રયોગથી લૌકિક - લોકોત્તર કાર્યોની સિદ્ધિ થાય છે.
તેનો અંતિમ ઉદ્દેશ પરમાત્મા સાથે અંતરાત્માનું ઐક્ય
સાધવાનો છે અને તે માટે અહીં પ્રથા પ્રચલિત છે,
તેમાં નામમંત્રમાં શબ્દશક્તિ અને
પુરુષશક્તિ જૂદી જૂદી ભાગ ભજવે છે.
(1) સત્યસંકલ્પ સુમુનિઓ એટલે એવા મુનિઓ કે
જેમનામાં ઇચ્છાને સિદ્ધ કરવાની શક્તિ હોય તે.
આવા સુમુનિ જ સાચા મંત્રોનું નિર્માણ કરી શકે છે.
'આ મંત્રથી આ ફળની પ્રાપ્તિ થાઓ'
આ પ્રમાણે અનુસંધાન કરીને કોઈપણ ભાષા પદે
મંત્રપ્રયોગ કરે, તો સત્યસંકલ્પ અને
વિશુદ્ધ તપના પ્રભાવે તે પૂર્ણ થાય છે,
મંત્રમાં તે તે અર્થક્રિયા કરવાનું સામર્થ્ય પ્રકટે છે.
જે વિદ્યાઓ હોય, તે દેવાધિષ્ઠિત હોય છે.

(2) દેવતા આશ્રિત મંત્રવાદ

જે દેવતાને આશ્રિને મંત્રપ્રયોગ થતો હોય,
તે મુજબ પુરૂષને અનુગ્રહીત કરે.
ષડાવશ્યકાદિમાં આદિ દેવતાની આરાધના
મંત્રજાપ - કાયોત્સર્ગ આદિ દ્વારા થાય છે.
તેમના અનુગ્રહથી સર્વ ઉપદ્રવો દૂર થાય છે.

(3) મંત્રાત્મક દેવતાવાદ

મંત્ર અને તેના દેવતા કથંચિત અભિન્ન છે, તેથી
દેવતામંત્ર સ્વરૂપિણી અને પદમયી કહેવાય છે.
ધ્યેય વસ્તુરૂપે વિદ્યમાન ન હોય અને તેના બોધરૂપે
ઉપલબ્ધ હોય છે, તેથી ધ્યેયના વાચક પવિત્રપદની
મુખ્યતાવાળા આલંબન દ્વારા ધ્યેય સાથે સંબંધ સાધીને
પદસ્થ ધ્યાન સિદ્ધ કરવું, તેમાં
શબ્દશક્તિ અને પુરૂષશક્તિવાળું આલંબન હોય છે.
મંત્ર જ્યારે સકલ અવસ્થામાંથી પસાર થઈ નિષ્કલ
અવસ્થાને પ્રાપ્ત કરે, ત્યારે નિશ્ચયથી દેવતા કહેવાય.

પ્રભુશક્તિની સહાયથી શુદ્ધ થયેલ
મંત્રશક્તિ કુણ્ડલિનીરૂપ મધ્ય માર્ગનો આશ્રય લઈને પછી
ક્રમશઃ ઊર્ધ્વગમન કરે છે.

બુદ્ધિશક્તિ એ બ્રહ્માંડરૂપ બાહ્ય પરિકર છે અને
નાદબિંદુ એ કલારૂપ અભ્યંતર પરિકર છે.

શબ્દ, અર્થ અને પ્રત્યયની એકતા, તે શબ્દશક્તિ છે.
આત્મા, મન અને પ્રભુની એકતા, તે બુદ્ધિશક્તિ છે.

શબ્દશક્તિ અનિર્વચનીય તેજોરૂપ હોય છે, તે
વર્ણવિચ્યુતિ થઈ અનાહત અવસ્થાને પ્રાપ્ત થાય, ત્યારે
તેમાંથી જ્યોતિ પ્રગટે છે. 'મંત્ર' એટલે ગુહ્ય ભાષણ.

'સર્વે જીવાત્માઓ તત્ત્વથી પરમાત્મા જ છે' એવું
પોતાના આત્મામાં જ પોતાના શુદ્ધ સ્વરૂપનું મનન.

ધ્યાનમાં સંપૂર્ણ સ્થિરતા થતાં 'અનાહતનાદ'નો પ્રવેશ
બ્રહ્મરંધ્રમાં થાય છે. નિર્વિકલ્પ સમાધિમાં આત્માનુભૂતિ,
સંપૂર્ણ આનંદરસનો અનુભવ તથા
'ભવભ્રમણનો ભય ભાગ્યો' એવો અનુભવ થાય છે.

## મંત્રવર્ણોમાં રહેલા અદ્ભુત સ્ફુરણ ઉર્જા

શક્તિવાળા દ્રવ્યોનું જો અમુક રીતે સંયોજન થાય,
તો તેમાંથી અદ્ભુત શક્તિ ઉત્પન્ન થાય છે, જેમ કે
ગંધક, પારો, મણસીલ, સુરોખાર વગેરેથી
દારૂગોળો ઉત્પન્ન થાય છે અને એક જ ધડાકે તે
મજબૂતમાં મજબૂત દિવાલોના પણ ભુક્કા ઉડાવી દે છે.
અણુબોંબ કે હાઈડ્રોજન બોંબ પણ તેના ઉદાહરણો છે.
વર્ણો અક્ષરો પણ વિશિષ્ટ સંયોજન થતાં
શબ્દોમાં એક શક્તિ ઉત્પન્ન થાય છે અને
તે મંત્રશબ્દો પણ પોતાનું અદ્ભુત કાર્ય કરે છે.
જેમ બધા મનુષ્યો, પશુઓ, વૃક્ષો સરખા નથી,
તેમ બધા અક્ષરો પણ સરખા નથી.
દરેકની શક્તિ ભિન્ન ભિન્ન હોય છે.
તેના સંયોજનથી ચમત્કારિક પરિણામો આવે છે.
વર્ણમાલાનો પ્રત્યેક અક્ષર તેના ઉચ્ચાર સાથે
તન અને મન ઉપર અદ્ભુત પ્રભાવ પાડે છે.

મંત્રોને જે સાધારણ અક્ષર માને,
શબ્દોના જોડેલાં મંત્ર ઈશ્વરને સાધારણ વ્યક્તિ માને
તથા જે મૂર્તિનું ધ્યાન કરે, તેને પાષાણની મૂર્તિ માને,
તે અહીં અપાત્ર છે. સિદ્ધિ માટે મંત્ર, વ્યક્તિ અને
મૂર્તિ - આ ત્રણે ઉપર દૃઢ વિશ્વાસની જરૂર છે.
શ્રુતના એકેએક અક્ષરને અરિહંતરૂપ માની સ્મરણ
કરનારો સાધક જ્યારે અરિહંતધ્યાનમાં તન્મય બને છે,
ત્યારે અરિહંતનું દર્શન પામે છે અર્થાત્
પોતાના આત્માને અરિહંતસ્વરૂપે જુએ અને જાણે છે.

મન વડે ત્રાણનું લક્ષણ હોય છે,
તેથી સર્વ પ્રકારના મંત્રપદ અને શ્લોકપાદમાં
મનની ભાવના એ સર્વાધિક ગણાઈ છે.

નામ દ્વારા ભાવસાધનાનાં માર્ગમાં સદ્ગુરુપ્રાપ્તિ અને
મંત્રસાધનાનો અધિકાર પ્રાપ્ત થાય છે.
મંત્રસાધનાનાં ફળરૂપે દૈહિક ઉપાદાન શુદ્ધ થાય છે
અને મંત્રસિદ્ધિના પ્રભાવે ભાવદેવનો વિસ્તાર થાય છે.

# મંત્રોના પરમાણુઓનું સામર્થ્ય

કોઈ મંત્રો યોગસાધના માટેના હોય,
તો કોઈ મંત્રો રોગની શાંતિ માટેના હોય છે.
અગ્નિનો અક્ષર એ રેફની આકૃતિવાળો છે.
બિંદુ સહિત 'રં' અક્ષરનું ઉચ્ચારણ જો ૧૦૦૦ વાર થાય,
તો ૧ ડીગ્રી ઉષ્ણતા વધે છે. 'રં' અક્ષરનું રક્ત વર્ણે
ધ્યાન ધરતાં તે વશીકરણનું કાર્ય કરે છે.
'વ' અક્ષર અનુનાસિક સહિત ઉચ્ચારણ થાય, તો
શરદી મટી જાય છે. અનુનાસિક સહિત 'મ' અક્ષરનું
ઉચ્ચારણ થાય, તો ભાવરના સર્વ રોગ મટી જાય છે.
મંત્રોનું સામર્થ્ય અનેરું છે,
એમાં શાબ્દજાપ કરતાં મૌનજાપ,
મૌનજાપ કરતાં સાર્થજાપ,
સાર્થજાપ કરતાં ચિત્તસ્થજાપ અને
ચિત્તસ્થજાપ કરતાં પણ ધ્યેયૈક્ય જાપ શ્રેષ્ઠ છે,
કેમકે તે મંત્રજાપનું રહસ્ય છે!

'અ' ધ્વનિની આદિ કંઠથી છે, મધ્ય હોઠમાં છે અને અંત નાસિકામાં છે. આદિ ધ્વનિનો પ્રતિનિધિ 'અ' છે, મધ્યનો 'ઉ' અને અંતિમ 'પ'વર્ગનો પ્રતિનિધિ 'મ' છે. ધ્વનિની ઉત્પત્તિની જેમ સૃષ્ટિની આદિ પરમાત્માથી છે.

ધ્વનિના મધ્યની જેમ સૃષ્ટિનું પાલન અને અંતની જેમ સૃષ્ટિનું વિસર્જન પણ પરમાત્મતત્ત્વથી છે.

'સૃષ્ટિનું સર્જન, પાલન અને લય પરમાત્મામાં જ છે' તેનો સૂચક અ + ઉ + મથી બનેલો એવો ૐ અક્ષર છે,

'અ' ધ્વનિ મુખની ભીતર અને સૂક્ષ્મ છે,

'ઉ' ધ્વનિ મુખની બહાર અને સ્થૂલ છે અને

'મ' ધ્વનિ સમાપ્તિસૂચક અને સ્થૂલ-સૂક્ષ્મથી મિશ્રિત છે. સૃષ્ટિની પણ સૂક્ષ્મ - સ્થૂલ ઉભય અવસ્થામાં 'ઓં' છે.

## ૐ મંત્રના ધ્યાનનો અર્થ

વીતરાગભાવ - રાગથી પર - દ્વેષથી પર - તટસ્થભાવ, મધ્યસ્થભાવ, સમતાભાવ. કાયોત્સર્ગ = દેહનું વિસર્જન-વિસ્મૃતિ. સાધનાનું કેન્દ્ર દેહ નહીં પણ આત્મા છે.

## <u>વર્ણના ઉગમ તથા સમાપ્તિની મીમાંસા</u>

અક્ષરની શરૂઆત 'અ'થી અને અંત 'મ'થી છે.
બન્નેના સ્થાનોમાંથી ઉત્પન્ન થનારાં
વર્ણોના પ્રતિનિધિ તરીકે 'ઉ' ઉભો છે.
ઉ = ઉભય. અહીંનો અને ત્યાંનો સાંધો જોડી આપનારો.
એ રીતે 'ૐ'માં સર્વ સારસ્વત, સર્વ સાહિત્ય, સર્વ
વાઙ્મય સમાઈ જાય છે. ૐ એક ધાતુ રૂપ પણ છે.
'ઉમા' શબ્દમાં 'અ' ધાતુ લીધે
'વિશ્વવ્યાપિની રક્ષા દેવા' એમ તેનો અર્થ થાય છે.
'વિ' ઉપસર્ગ લગાડતાં વ્યોમન્ યાને આકાશ થાય છે.
લેટિન ભાષામાં આકાશનો અર્થ Omnis થાય છે.
સત્ = સર્વ. વિશ્વ એ આ ૐની જ વિકૃતિ છે.
ભાવાવસ્થાને સૂચવવાને માટે
ૐ મંત્રાવયવ એ તદ્દન યોગ્ય કરે છે.

 સ્વસ્તિક  નીલકમલ

## સ્વર તથા વ્યંજનોનો આધ્યાત્મિક અર્થ

अ = શિવ - શક્તિનું પ્રધાન નિર્માણ.

आ = પ્રધાન નિર્માણશક્તિ.

इ ई = એકોઽહં બહુસ્યામ્ એવા ઇચ્છાશક્તિરૂપ.

उ ऊ = જ્ઞાનશક્તિ.

ए ऐ ओ औ = ક્રિયાશક્તિ.

अं = ઐક્યભાવનાદ્યોતક શુદ્ધ વિદ્યા.

अः = વિસર્ગ સહિત સ્પષ્ટ નિર્માણરૂપ.

ऋ ॠ ऌ = સૃષ્ટિ નિર્માણના કારણ.

कखगघङ = પાંચ મહાભૂત

चछजझञ = પાંચ તન્માત્રા, टठडढण = પાંચ કર્મેન્દ્રિય

तथदधन = ઘ્રાણજિહ્વાચક્ષુત્વક્શ્રોત્ર

प = પ્રકૃતિ, फ = અહંકાર, ब = બુદ્ધિ, भ = ચિત્ત,

म = મન, य = જીવાત્મા, यरलवह = વાયુ, અગ્નિ, પૃથ્વી, જલ, ગગનકારણ, (અંતઃસ્થા) शषस = શુદ્ધ, વિદ્યા, ઈશ્વર, સદાશિવ

(ઉભાક્ષર) क्ष + क + ष = પૃથ્વ્યાદિ સદાશિવના આકમાળાના તત્ત્વો.

મંત્રોમાં શ્રુતરૂપ અક્ષર અને વર્ણ

અક્ષર = અનુપયોગમાં પણ જે ક્ષરે નહીં, તે અક્ષર.

જીવનો જ્ઞાન પરિણામરૂપ ચેતન સ્વભાવ

કદી પણ ક્ષરતો (ચાલ્યો જતો) નથી,

તેથી નૈગમાદિ દ્રવ્યાર્થિકનયો તેને અ-ક્ષર માને છે.

દ્રવ્યાર્થિકનયો સર્વ ભાવોને અવસ્થિત માને છે,

તેથી તેમના મતે જ્ઞાન અવસ્થિત - અક્ષર છે.

શાસ્ત્રમાં કહ્યું છે તેમ સૂત્રમાં સર્વ જીવોને

અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો છે.

ત્યાં અક્ષર શબ્દથી સામાન્ય જ્ઞાન કહ્યું છે.

સર્વ જ્ઞાન અક્ષર છે, તો પણ...

રૂઢિથી તો અકારાદિ વર્ણોને જ 'અક્ષર' કહેવાય છે.

વર્ણ એ શ્રુતરૂપ છે.

જેના વડે અર્થ વર્ણવાય, પ્રગટ કરાય તે વર્ણ.

જેમ રક્તાદિ વર્ણ વડે ભીતી આદિ ઉપર ચિત્ર પ્રગટ

કરાય છે, તેમ વર્ણ વડે અર્થ પ્રકટ અને પ્રકાશિત કરાય છે.

જુદા જુદા પહેલુઓ અને તેના સંયોગોથી અનંતા આયોનું પ્રતિપાદન કરે પણ સ્વયં કોઈનું ન થાય, તે અક્ષર છે.

બિંદુથી સમના સુધીનો કાળ અર્ધમાત્રાનો છે,
તેથી એ અવસ્થાને 'અર્ધમાત્ર અવસ્થા' કહેવાય છે.
સમનામાં માયાનો જે સૂક્ષ્મ અંશ બાકી રહે છે,
તેનો લય થતાં જ મનનો સંબંધ તૂટી જાય છે.

તે પછી ઉન્મના અવસ્થા આવે છે. તેમાં મન, માયા, કાળ, દિશા વગેરે કશું નથી, તેથી તે પરમાનંદની ભૂમિ છે. નાદાન્તના ભેદન પછી દેહાત્મભાવ-દેહાધ્યાસ નાશ પામે છે, તેથી જ નાદાનુસંધાનનું અવલંબન લેવું મહત્ત્વનું છે.

તે પછી શક્તિસ્થાન આવે છે.

અહીં દેહાત્મભાવ બિલકુલ ન હોવાથી આત્માની મહાન શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે, અનુભવમાં આવે છે.

બિન્દુનવકમાં બિન્દુરહિત આઠને 'નાદ' કહેવાય છે, તો પણ ઘણાં સ્થાનોમાં સંપૂર્ણ નવકને જ 'નાદ' કહેલ છે.

અનાહત નાદ બે મંત્રજાપ વડે અભિવ્યક્ત થાય છે.

## મંત્ર એટલે શબ્દની ગર્ભિત શક્તિ

મંત્ર એટલે સંકલ્પ - મંત્રણા.

મંત્રસિદ્ધિ એટલે સંકલ્પસિદ્ધિ.

મંત્ર મનનો નિયંતા છે, તેનો જાપ મનનું નિયંત્રણ કરે છે.

મંત્ર એ મનને ઉર્ધ્વરેતસ્ બનાવે છે.

મંત્ર એ માનવીને માનવંતો બનાવે છે.

શબ્દમાં રહેલી ગર્ભિત શક્તિ તે મંત્ર છે.

પ્રબળ ઇચ્છાશક્તિ અને વિશાળ કલ્પના વડે

તે ગર્ભિત શક્તિને ગતિમાન કરાય છે.

गुरुमंत्र देवतात्म मनः पवनानामैक्य-

निष्कलनादन्तरात्मसंवित्तिः ।

આ રીતે મંત્રસિદ્ધિનો એક ઉપાય

મંત્ર, મન અને પ્રાણને એક કરવાં તે છે.

તે વિના કોટિકલ્પે પણ મંત્રસિદ્ધિ થતી નથી.

એ ત્રણની એકતા થવાથી મંત્રચૈતન્ય પ્રગટ થાય તથા

મંત્ર અને મંત્રસાધક વચ્ચેના ભેદનો વિલય થાય છે.

## મંત્રાર્થ સહિત મંત્રદેવતા.

મંત્રના અક્ષરો એ મંત્રદેવતાનો દેહ છે અને તેમાં
જે શક્તિ રહેલી છે, તે મંત્રદેવતાનો આત્મા છે.

### મંત્ર ક્યારે બને ?

મનઃસ્થિતિ સુધારવાનું સાધન મંત્ર છે.
જે પદ ઉપર વારંવાર મનન કરવામાં આવે, તે પદ
જે અર્થને કહે છે, તેનું જ્ઞાન અને શ્રદ્ધાન કરાવે છે.
જ્ઞાનનું સાધન મનન - નિદિધ્યાસન છે,
તે તીવ્રપણે એક પદ ઉપર કરવામાં આવે,
ત્યારે 'મંત્ર' બને છે.
એ મંત્ર પરમાત્મવાચક યા પરમેષ્ઠિવાચક હોય છે,
તેથી અંતરાત્મભાવ દ્વારા તે પરમાત્મભાવનું
સમ્યગ્જ્ઞાન અને સમ્યક્શ્રદ્ધા ઉત્પન્ન કરે છે.
એ રીતે મનઃસ્થિતિ ઉજ્જ્વળ બનવાથી
વચન અને કાય દ્વારા અસત્ પ્રવૃત્તિ રોકાય છે અને
સત્પ્રવૃત્તિ થાય છે, તેનું નામ 'ધર્મ' છે.

## મંત્રાર્થનો સાચો અનુભવ કરવા માટેના સંકલ્પો

'પરમાત્માના જ અંશરૂપ અવિનાશી આત્મા હું છું.
ઈશ્વર આનંદરૂપ છે, તેજસ્વી-શ્રેષ્ઠ-નિષ્પાપ-દિવ્ય છે.
પરમાત્મા અંતર્યામી છે, તેમના શરણમાં અર્પણ થાઉં છું.
તેને જ પોતાના હૃદયાસન ઉપર સ્થાપું છું.
તે જ મારા છે અને હું તેનો જ છું.
સદ્બુદ્ધિ બધાથી મોટું વરદાન છે. તે મેળવવા માટે
હું ઘોર તપ કરીશ તથા દુર્બુદ્ધિને દૂર કરીશ.
અસત્યને ત્યાગવા અને સત્યને સ્વીકારવા જરાપણ
કંજુસાઈ કરીશ નહીં. ભગવાન સત્ય, શિવ, સુંદર છે.
તેમને મારા અંતઃકરણમાં બિરાજમાન કરીશ.
પરમાત્મામાં મન પરોવી સારા વિચારો કરીશ,
સારી વાણી બોલીશ અને સારા આચરણ રાખીશ.'
મંત્રાર્થનો સાચો અનુભવ કરવા માટે
આ સંકલ્પોને લાંબા સમય સુધી ધ્યાન મનનું જોઈએ,
કેમકે સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરે છે.

## મંત્રની અર્થભાવના શા માટે આવશ્યક ?

તજ્જપસ્તદર્થ ભાવનમ્ ।

'અર્થ' એટલે મંત્રવાચ્ય દેવતાનું શરીર.

ભાવનાથી મંત્રદેવતાના અક્ષરમય સ્વરૂપ સંબંધી અભેદચિન્તન કરવું, તેને મંત્રની અર્થભાવના કહે છે.

મંત્રની સિદ્ધિ થવા માટે તે અનિવાર્ય છે.

એક પ્રબળ અમોઘ મંત્ર એટલે પ્રભુનામનું સ્મરણ.

સંસારરૂપી - કષાયરૂપી સર્પના વિષથી ડસાયેલા મનુષ્યને માટે પ્રભુનામનું સ્મરણ એક પ્રબળ અમોઘ મંત્ર છે.

મંત્રમાં મુખ્ય બે વસ્તુ છે : શબ્દ અને સુરતા.

એ બેનો એક મેળ થાય, એટલે મંત્રચૈતન્ય પ્રગટે છે.

એને 'શબ્દ - સુરત યોગ' પણ કહે છે, જેનો અર્થ છે:

મંત્ર વડે અંદરના નાદને સાંભળવો અને

અંદરના નાદને શબ્દોની પાંખો વડે બહાર રમતો કરવો.

બાહિર - ભીતર સકલ નિરંતર શબ્દને જાણશે,

તેની શબ્દસાધના પૂરી થઈ સમજવી.

'મંત્ર કેમ ફળતો નથી?' આ પ્રશ્નનો ઉત્તર
'શબ્દ અને સુરતી' વચ્ચે આંતરું પડ્યું છે, તે છે.

મુખમાં મંત્રનો જાપ ચાલતો હોય, એની સાથે જો
અંતરની સુરતા - તલ્લીનતા ન ભળી હોય,
તો તે જાપ નિરર્થક - વ્યર્થ બને છે.
છેલ્લી સાધના મન અને પવનને એક કરવાની છે
અર્થાત્ શબ્દને સુરતાના દોરામાં પરોવવાની છે.
મંત્ર પૂરતી જ ચિત્તએકાગ્રતા રહે, તે મૌન.

શબ્દ - સુરત યાત્રાના ચાર ચરણ

'ઘટ ઘટ મેરા રામ રમૈયા.'

જ્યારે પેલો રામ જ અણુઅણુમાં રમતો દેખાય છે,
ત્યારે શબ્દ - સુરત યાત્રાનું તે છેલ્લું ચરણ સમજવું.
પહેલાં પગલે તે જગતની જાળને જૂઠી જણાવી દે છે,
બીજે પગલે એક પરમાત્મ પ્રકાશને પ્રીછી લે છે
અને ત્રીજે પગલે આત્મને પરમાત્મ કરી માની લે છે
તથા દરેક પ્રાણને પરમતત્ત્વ સાથે જોડી આપે છે.

## સિદ્ધિ આપનારા મંત્રો કોના જેવા છે ?

જ્ઞાનાનંદ અનુભવતાં આચાર્યોની ઉદ્ભૂત થયેલ નિર્મળ આંતરશક્તિ દ્વારા બોલાતા સૂરિમંત્રાદિ જેવા નિર્મળ મંત્રો પણ સર્વ સિદ્ધિને આપનારા મંત્રો બને છે.

## પંચાંગસેવન સહિત...

યોગ્ય આસન, મંત્રપદોની ધારણા, તેની અર્થભાવના, સાલંબન અને નિરાલંબન ધ્યાનને અનુક્રમે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન યોગ કહે છે. દેહ એક પ્રકારનું યંત્ર છે, તેને ચલાવનાર પ્રાણવાયુ છે. સમય થોડો છે અને લાંબા માર્ગમાં વિઘ્નો ઘણાં છે. તેમાં શ્રી પરમાત્મા પરત્વેનો ભક્તિભાવ જ આપણને સહાયરૂપ થઈ શકે. કલ્યાણની વરમાળા આરોપણ કરવા સિદ્ધિ આપનારા મંત્રો તો ઉત્કૃષ્ટ જ છે, આપણે જ માત્ર કલ્લોલરહિત સાગરની જેમ તદ્દન શાંત તથા મેરુવત્ નિષ્કંપ થઈને મંત્રોનાં જાપ કરવામાં તલ્લીન થવું જોઈએ. તે જ સર્વ મુમુક્ષુ આત્માઓનું અંતિમ ધ્યેય પણ છે.

વસ્તુમાત્રમાં વ્યાપકતા છે, તે બે પ્રકારની છે:
એક સ્વભિન્ન જ્ઞેયવિષયક અને બીજી સ્વવિષયક.
વસ્તુવિષયક ઉપયોગ એક બાજુ પરજ્ઞેયનો અને
બીજી બાજુ સ્વજ્ઞેયનો વ્યાપક બને છે.
અહીં પ્રકાશકતા એટલે વ્યાપકતા.
પરાવસ્તુ અનાહતનાદની વ્યાપક છે અને
અનાહતનાદ એ અવ્યયતાનો વ્યાપક છે.
અવ્યયતા એટલે કૂટસ્થ આત્મા. 'તદ્ભાવાઽવ્યયં નિત્યં |'
અહીં જે સત્તાની અવ્યયતા કહી, તે જ કૂટસ્થતા છે.
કૂટસ્થતા બે પ્રકારની છે : એક કાલિક અવિનાશીતા
અને બીજી આધાર - નિમિત્ત એકતા.
મનનો સંકલ્પ તે ભાવસંકલ્પ કહેવાય છે.
ધ્યાન કરતાં પૂર્વે પોતાના આત્મામાં
શ્રી અરિહંત અને સર્વ સિદ્ધોનો સંકલ્પ કરવો.
બાદમાં 'અર્હં' ઉપરના બિંદુમાં અને
અનાહતમાં લય કરવો, એ મહત્ ભાવસંકલ્પ જ છે.

## મંત્રસિદ્ધિ માટેના ૧૬ અંગો

ભક્તિ, શુદ્ધિ, આસન, પંચાંગસેવન, આચાર, ધારણા, દિવ્ય દેશસેવન, પ્રાણક્રિયા, મુદ્રા, તર્પણ, હવન, બલિ, યાગ, જપ, ધ્યાન અને સમાધિ.

(૧) ભક્તિ = નવધા ઈત્યાદિ અનેક પ્રકારે.

(૨) શુદ્ધિ = દિક્‌શુદ્ધિ, સ્થાનશુદ્ધિ, શરીરશુદ્ધિ ઉપરાંત પ્રાણાયામ આદિ દ્વારા મનઃશુદ્ધિ.

(3) આસન = ચૈલાસન, મૃગચર્માસન, કુશાસન.

(૪) પંચાંગસેવન = ઇષ્ટગીતા, સહસ્ત્રનામ, સ્તવ, કવચ, હૃદય.

(૫) આચાર = તંત્ર અને પુરાણોમાં અનેક ભેદ છે.

(૬) ધારણા = બાહ્યમૂર્તિ આદિ, આંતરશરીરની અંદર.

(૭) દિવ્યદેશ = ૧૬ સ્થાનમાં પીઠ બનાવીને કરાતી પૂજા.

(૮) પ્રાણક્રિયા અથવા ન્યાસક્રિયા = પ્રાણાયામ ઉપરાંત શરીરની અંદર પ્રાણને વિવિધ સ્થાનોમાં લઈ જવા તે.

(૯) શંખ કે યોનિમુદ્રા = ઇષ્ટદેવને પ્રસન્ન કરવાની ચેષ્ટા.

(૧૦) તર્પણ = ઇષ્ટદેવનું પદાર્થવિશેષ દ્વારા તર્પણ કરવું તે.

(૨૧) હવન = અગ્નિમાં આહુતિ આપવી તે.

(૨૨) બલિ = આત્મબલિ : અહંકારાદિકની બલિ, કામક્રોધાદિની બલિ, ઈંદ્રિયોની બલિ વડે આંતર્બલિ તથા સાત્ત્વિક ફળાદિ વડે બાહ્યબલિ.

(૨૩) યાગ = આંતર્યાગ અને બહિર્યાગ.

(૨૪) જપ = વાચિક, ઉપાંશુ તથા માનસજાપ.

(૨૫) ધ્યાન = મન દ્વારા ઇષ્ટના સ્વરૂપનું ધ્યાન.

(૨૬) સમાધિ = મહાભાવ સમાધિ, લય, સ્વધિસ્મૃતિ.

મંત્રયોગના આ સોળ અંગોને 'કળાઓ' કહે છે:

ષોઢા = મંત્રપદોની જૂદા જૂદા અવયવોમાં ષોઢા.

પ્રાણક્રિયા એટલે...

તનના ભાગોમાં પ્રાણને લઈ જઈને મંત્રાભ્યાસ કરવો તે.

સમાધિ એટલે મહાબોધિ.

મંત્રનિર્દિષ્ટ દેવતાના ભાવગ્રાહી સ્વરૂપમાં ચિત્તવૃત્તિનો સંપૂર્ણ લય થતાં સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે અને તેથી કૃતકૃત્યતા અનુભવાય છે.

## Japa and mantra

'Japa' is a repetition of
set of sounds or words or
a name as a prayer or invocation.
'mantra' is a set of
words or sounds, having spiritual
significance and power.
Any art must be a service,
not of man or of his own ego,
but of the Divine.
God Knower and God lover
saint also has his own
difficulties and disturbances,
which can only be removed by
the help of Japa and mantra.

# भगवती वागीश्वरि स्तुति

मनोमणिमहायोगे वागीश्वरि नमो नमः ।
वाग्ज्यै वरदहस्तायै वरदायै नमो नमः ॥

❖

चेतोऽचलं चंचलतां विमोच्य,
संकोच्य पंचाऽपि समं समीरान् ।
पश्यन्ति यन्मूर्धनि शाश्वतश्रि-
सारस्वतं ज्योति रुपास्महे तत् ॥

❖

कुंदिंदु गोक्खिर तुषार वण्णा
सरोज हत्था कमले निसण्णा ।
वाएसिरी पुत्थयवग्गहत्था
सुहाय सा अम्ह सया पसत्था ॥

❖

जडानां जडतां हन्ति भक्तानां भक्तवत्सला ।
मूढतां हर मे देवि त्राहि मां शरणागतम् ॥


प्रणवयुगलमध्ये दक्षिणे कामबीजं,
मध्ये जगति सर्वे देश्य ह्रींकारबीजम् ।
तदुभयगतयुग्मं बीजमन्त्रं च लक्ष्म्या
भवति भगवती सा वाक् च तस्यै प्रसन्ना ॥


❖

ॐ ह्रीं श्रीं क्लीं वाग्वादिनी सरस्वती
मम जिह्वाग्रे वासं कुरु कुरु स्वाहा ॥
ॐ ह्रीं श्रीं वद वद वाग्वादिनी स्वाहा ॥
ॐ ह्रीं क्लीं ब्लीं श्रीं हसकल ह्रीं ऐं नमः ॥

❖

ॐ श्री सरस्वती शुक्लवर्णां सस्मितां सुमनोहराम् ॥
कोटिचंद्रप्रभामुष्ट पुष्ट श्री युक्तविग्रहाम् ।
वह्निशुद्धां शुकाधानां वीणापुस्तकधारिणीम् ।
रत्नसारेन्द्रनिर्माण - नवभूषणभूषिताम् ।
सुपूजितां सुरगणै ब्रह्मविष्णुशिवादिभिः ।
वन्दे भक्त्या वन्दिता च मुनीन्द्रमनुमानवैः ।


श्री सिद्धचक्र महायंत्र




જળતત્ત્વનો રંગ સફેદ છે, તેનો બીજમંત્ર वं છે,
તેનું ધ્યાન ધરવાથી ભૂખ-તરસ શમે છે અને
તે શરીરને પાણીમાં બુડતું બચાવે છે.

www.fiestadesigns.in